॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૯૬ ફેબ્રુઆરી - ૨૦૧૯ રૂા. ૫/૦૦

## ભુજ મંદિર તાબાનું નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ - કેરૂગોયા - કેન્યા


















## ભુજ મંદિર તાબાનું નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ - કેરુગોયા - કેન્યા















## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા રાહત વિતરણ







॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।

रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪  કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૮ અંક-૧૦ ફેબ્રુઆરી-૨૦૧૯
સળંગ અંક-૩૯૫

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| વિષ્ણુભક્તિ પ્રવર્તક આચાર્યો ભાગ –૫ | ૫ |
| નર સ્વર 'ખરજ' અરુ નારી કોકીલ પંચમમ્ | ૭ |
| મોટી ઓથ મહારાજની | ૯ |
| સત્સંગમાં સતત વૃદ્ધિના માર્ગો (ભાગ : ૧) | ૧૦ |
| સંત પરમ હિતકારી | ૧૨ |
| વસંત પંચમી (મહાસુદ પાંચમ) | ૧૩ |
| સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજીનું જીવન કવન | ૧૭ |
| સત્સંગ સમાચાર દેશ | ૧૯ |
| સત્સંગ સમાચાર વિદેશ | ૨૬ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



અપેક્ષાઓ અનંત હોય છે. બધા જ લોકોની બધી જ અપેક્ષાઓ પરિપૂર્ણ થતી હોતી નથી જ. અપેક્ષાઓ એવી રાખવી જે પૂર્ણ થઈ શકે. એટલા માટે જ કહેવાયું છે કે ''પછેડી પ્રમાણે સોડ તાણવી.'' ઈશ્વરદત્ત ક્ષમતાનુસાર અપેક્ષાઓ રાખવી. કેટલીકવાર જો આપણે જાત નિરીક્ષણ કરીશું તો અનુભવી શકીશું કે શ્રીહરિએ આપણને ક્ષમતા કરતાં પણ વધુ આપી દીધું છે છતાં આપણે આપણાથી વધુ પામ્યા છે એને જોઈ હતાશા અનુભવીએ છીએ. ઈર્ષ્યાની આગમાં સળગીએ છીએ. પરંતુ આપણાથી ઓછું પ્રાપ્ત થયું છે એને જોઈશું તો આપણે મનોમન શ્રીહરિનો આભાર માનીશું જ. એક માણસ ઉનાળાના ધોમધખતા તાપમાં ખુલ્લા પગે જઈ રહ્યો હતો. પોતાના ભાગ્યને દોષ દઈ રહ્યો હતો. હે ભગવાન હું કેવો કમનસીબ છું કે મને પગમાં પહેરવા પગરખાં પણ નથી. ધિક્કાર છે મારા ભાગ્યને. હે પ્રભુ, હે શ્રીહરિ તમે પણ મારી સામું જોતા નથી. મારા ભાગ્યના દ્વાર ક્યારે ખોલશો પ્રભુ. આમ અભાવમાં જ મારી જીવનલીલા સમાપ્ત થઈ જશે શું ? આમ માથા કૂટતો, ભાગ્યને દોષ દેતો જઈ રહ્યો હતો. ત્યાંતો તેની નજરે સામેથી આવતા કાખઘોડીથી ચાલતા માણસ પર પડી. તેણે ધ્યાનથી જોયું તો તે માણસના બંને પગ જ નહોતા. એણે તરત જ શ્રીહરિનો મનોમન ખૂબ જ  આભાર માન્યો. વાહ પ્રભુ તારો ખૂબ ખૂબ આભાર તેં મને ચાલવા માટે બે પગ તો આપ્યા છે. આ બિચારાને મારાથી પણ અધિક દુઃખ છે. હું એટલો ભાગ્યશાળી છું કે મને ચાલવાની કોઈ તકલીફ નથી.

આપણને શ્રીહરિ પ્રભુએ જે આપ્યું છે તેને આનંદથી ભોગવીએ અને શ્રીહરિનો મનોમન એ બધાં સુખો આપવા બદલ ખૂબ ખૂબ આભાર માનીએ. નથી એનું દુઃખ રાખવાને બદલે જે છે – જે મળ્યું છે એ ભોગવીએ. એનો આનંદ માણીએ. શ્રીહરિની લીલા કળવી મુશ્કેલ છે. એની ગણતરી અનોખી છે. મોટામોટા ઋષિમુનિઓ પણ એમની–શ્રીહરિની લીલાનો પાર પામી શક્યા નથી તો આપણે તો પામર જીવ છીએ.

''જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,  
તેહને તે સમે તે મળે,  
આપણું ચિંતવ્યું અર્થ કાંઈ નવ સરે.''

જો આપણને જગતના તમામ સુખો મળી જાય તો આપણે પરમકૃપાળુ ભગવાનને ભૂલી જ જઈએ. એટલા માટે જ ઈશ્વરે કંઈક કંઈક ઓછપ રાખી જ દીધી હોય.

ધનવાન હોય તો સંતાન સુખની કમી હોય. સંતાન સુખ આપ્યું હોય તો સંતાનો કપાત્ર નિવડે. ધનનું સુખ હોય તો શરીરના દુઃખો આપી દીધા હોય. એટલા માટે જ જે સુખો મળ્યા છે એ ભોગવતાં પરમકૃપાળુ પરમાત્માનો આભાર માનતા રહીએ. આપણા નિજધર્મનો ત્યાગ ન કરીએ. સંસાર સુખો ભોગવતાં ભોગવતાં પરમાર્થ પણ કરતાં રહેવુ. નિયમમાં રહેવું. શાસ્ત્રાજ્ઞા ઉવેખવી નહીં.

જય શ્રીસ્વામિનારાયણ !

# વિષ્ણુભક્તિ પ્રવર્તક આચાર્યો ભાગ -૫

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ

**(૧૧) -: મુનિવાહન સૂરિ વૈભવમ્ :-**

**वृश्चिके मासि रोहिण्यामुदितस्य महीतले ।**

**श्रीपाणसूरेर्महिमा महिष्ठः प्रतिपाद्यते ॥**

ચોલરાજનગરમાં **"ઉરૈયુર"** ક્ષેત્રમાં કોઇ બ્રાહ્મણના ખેતરમાં ભૂમિથકી (અયોનિજ) બાળક પ્રગટ થયું. ખેતરમાં સુતેલા નવજાત બાળકને કોઇ ચંડાલ પુરુષે જોયું તેથી તેને પોતાના ઘેર લઇ ગયો. તેને ગાયનું દુધ પીવડાવીને બાળકનું પોષણ કરવા લાગ્યો. જેમ જેમ બાળક મોટું થવા લાગ્યું તેમ તેમ ભગવદ્ભક્તિ કરવા લાગ્યું. પોતાને ચંડાલ પુત્ર માનવાને કારણે "**श्रीरङ्गक्षेत्रे पदन्यासो न युक्त**" શ્રીરંગક્ષેત્રની પવિત્ર ભૂમિમાં મારા અપવિત્ર પગ મુકવા યોગ્ય નથી, એવું માનીને દક્ષિણ કાવેરીના કિનારે રહીને ભાવથી ભગવાનનું ભજન કરવા લાગ્યા. ત્યાં ભગવાન માટે જળ લેવા આવેલા બ્રાહ્મણોએ તેને અહીં ન રહેવાનું કહ્યું. પરંતુ બાળક ભગવદ્ભક્તિમાં તલ્લિન હોવાને કારણે કાઇ સાંભળ્યું નહી અને ત્યાં જ રહેવા લાગ્યો. બ્રાહ્મણોએ વારંવાર તે બાળકને અહીંથી ચાલ્યા જવાનું કહેવા લાગ્યા અને અનેકવાર અપમાનિત પણ કર્યો. છતાં પણ બાળકનું ચિત્ત ભગવાનની લીલારસમાં હોવાને કારણે કાંઇ સાંભળ્યું જ નહી. અંતે બ્રાહ્મણોએ નાનો પથ્થર લઇને બાળક ઉપર ફેંક્યો. બાળકને પથ્થર લાગવાથી મૂર્છિત થઇ ગયો. થોડા સમય પછી જ્યારે ભાનમાં આવ્યો ત્યારે ત્યાંથી ડરીને ચાલ્યો ગયો. બાળકને પથ્થર લાગવાને કારણે તેના ભાલમાં રૂધિર નિકળ્યું હતું તેવું જ મંદિરમાં વિરાજમાન શ્રીરંગ ભગવાનના ભાલમાં રૂધિર વહેવા લાગ્યું. આવું જોઇને પૂજારી સમજી ગયા કે તે બાળક કોઇ સામાન્ય નથી, પરમ વૈષ્ણવ છે; તેથી પૂજારીએ મુનિવાહન બાળકને સન્માન પૂર્વક મંદિરમાં લાવવાનો આદેશ કર્યો. આ વાતની અન્ય બ્રાહ્મણોને જાણ થઇ તેથી તેઓએ વિરોદ્ધ કર્યો છતાં પણ પૂજારીએ ગુપ્ત માર્ગેથી મુનિવાહનને મંદિરમાં પ્રવેશ કરાવ્યો. શ્રીરંગ ભગવાનની ભક્તિ અને શ્રદ્ધા પૂર્વક દર્શન કરતાં કરતાં સ્તુતિ કરવા લાગ્યા અને તેજ ક્ષણે તે મૂર્તિમાં તલ્લિન થઇ ગયા. તેમના દ્વારા જે સ્તુતિ કરાઇ તે **"અમલનાદિપ્પિરાન્"** નામનો પ્રબંધ થયો. તેમાં ૧૦ ગાથાઓ છે.

**(૧૨) -: પરકાલ સૂરિ વૈભવમ્ :-**

**मासे वृश्चिकनामनि कार्तिकभे जन्म भेजुषस्सूरेः ।**

**श्रीमत्कलिविध्वंसिन उदीरयामः प्रभावमतिहृद्यम् ॥**

ચોલદેશમાં 'અવિનાડ' પ્રદેશમાં નાગપુર નામના ક્ષેત્રમાં અન્યૂન નગરીમાં અવિનાડુદયાર નામના રાજા હતા. તેમને ત્યાં પરકાલ સૂરીનો જન્મ થયો. નલ નામના સંવત્સરમાં જન્મ થયો હતો એટલે **'નીલમ્'** નામથી પણ પ્રસિદ્ધ થયા. 'નીલમ્' બાલ્યાવસ્થાથી જ અતિ પરાક્રમી અને બુદ્ધિશાળી હતા. તેમનું પરાક્રમ જોઇને પિતાએ રાજ્યનો અર્ધોભાગ પુત્રને ચલાવવા માટે સોપી દીધો. ધર્મપૂર્વક પ્રજાનું પાલન અને પરાક્રમને કારણે નીલમ્ લોક પ્રસિદ્ધ થયા. રાજનગરીની પાસે એક સુંદર તળાવ હતું. આ તળાવમાં સ્વર્ગથી અપ્સરાઓ જળક્રીડા કરવા માટે આવતી હતી. એકવાર એક અપ્સરાને છોડીને બીજી અપ્સરાઓ સ્વર્ગમાં ચાલી ગઇ. પોતાને એકલી જોઇને તે અપ્સરાએ સુંદર કન્યાનું રૂપ ધારણ કરીને અનાથની જેમ ફરવા લાગી. ત્યારે ત્યાં એક વૈષ્ણવ વૈદ્ય તે કન્યાને જોઇને પૂછ્યું હે કન્યા તું કોણ છે ? તારું નામ શું છે ? ત્યારે તે કન્યાએ કહ્યું કે મારું નામ કુમુદવલ્લી છે અને હું અનાથ છું. ત્યારે વૈષ્ણવ વૈદ્યે પોતાના ઘેર લઇ જઇને તેનું પાલન પોષણ કરવા લાગ્યા.

એક દિવસ પરકાલ રાજાએ તે સુંદર કન્યાને જોઇને વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. ત્યારે કુમુદવલ્લીએ રાજાને કહ્યું કે - વૈષ્ણવ દીક્ષા લઇને એક વરસ સુધી રોજ એક હજાર વૈષ્ણવોને ભોજન કરાવશો તો હું આપની સાથે વિવાહ કરીશ. કન્યાની આ શરતને સ્વીકારીને રાજાએ રોજ એક હજાર વૈષ્ણવોને ભોજન કરાવાનું વચન આપ્યું, ત્યારે કન્યાએ રાજા સાથે વિવાહ કર્યા. નિયમ પ્રમાણે પરકાલ રાજા પ્રતિદિન એક હજાર વૈષ્ણવોને ભોજન કરાવવા લાગ્યા. તેથી રાજાની પ્રખ્યાતિ ચારેબાજુ ફેલાવા લાગી.

આ વાતની ધીરે ધીરે પિતા ચોલરાજાને ખબર પડી કે પરકાલ તેમના રાજ્યનું બધું ધન વ્યય કરી નાખે છે તેથી ધન પાછું લઇ આવવા માટે રાજાએ દૂતોને મોકલ્યા. ત્યારે પરકાલ રાજાએ ધન આપવામાં અસમર્થતા બતાવી. ત્યારે ચોલરાજા સ્વયં પરકાલ રાજા પાસે આવીને કહ્યું કે તમે ધર્મના રક્ષક છો તેથી ધર્માનુસાર મારૂં ધન પાછું આપી દો. પરકાલ રાજાએ કહ્યુ કે એ બરાબર છે પરંતુ બધું ધન મેં વૈષ્ણવોના ભોજન માટે ખર્ચ કરી નાખ્યું છે. તેથી આપવા માટે મારી પાસે બિલકુલ ધન નથી રહ્યું. તે રાત્રીએ ચોલરાજાને ભગવાન દેવરાજે તેમને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે તમો કાંચી જાઓ ! ત્યાં અપરિમિત ધન આપીશ. ભગવાનની વાત સત્ય માનીને બીજે દિવસે ચોલરાજા કેટલાક મંત્રીઓને સાથે લઇને સ્વપ્નમાં નિર્દિષ્ટ સ્થાન પર જઇને ખોદકામ કર્યું તો ત્યાં ઘણું ધન મળ્યું. પરકાલ રાજાના રાજ્યમાં ધન નીકળ્યું હોવાથી નિયમ મુજબ તે રાજાએ તે રાજ્યના રાજાને ધનનો ભાગ આપીને બાકીનું ધન પોતાની રાજધાની કલલાપૂર્ણમાં લઇ આવ્યા.

ભાગમાં મળેલ ધનરાશિથી પરકાલ રાજા નિત્ય યજ્ઞ કરવા લાગ્યા અને યજ્ઞશેષ પ્રસાદથી એક હજાર વૈષ્ણવોને ભોજન કરાવવા લાગ્યા. કેટલાક દિવસો પછી તે ધનરાશિ પણ પૂરી થઇ ગઇ. એક હજાર વૈષ્ણવોને નિત્ય ભોજન કરાવવાની પ્રતીજ્ઞા પૂરી કરવા માટે બીજો ઉપાય શોધવા લાગ્યા. ત્યારે એક મનુવાક્ય યાદ આવ્યું કે **''યેઽસાધુભ્યોઽર્થમાદાય સાધુભ્યઃ સંપ્રયચ્છતિ । સઃ કૃત્વા પ્લવમાત્માનં સંતારયતિ તાવુભૌ''** ॥ જે દુર્જનો પાસેથી ધન લઇને સાધુજનોને આપે છે તેનો પોતાનો અને જેનું ધન લીધું છે તે બન્નેનો ઉદ્ધાર થાય છે. આ પ્રમાણે મનુવચનને યાદ કરીને જંગલનો રસ્તો રોકીને બેસી ગયા. આ રસ્તેથી જે કોઇ આવે તેને લૂંટીને તે ધનથી વૈષ્ણવોને ભોજન કરાવવા લાગ્યા.

એક દિવસ કોઇ પથિક ન આવ્યો. આજે વૈષ્ણવોને કેવીરીતે ભોજન કરાવીશ ? એવી ચિંતા કરવા લાગ્યા ત્યારે સ્વયં ભગવાન અલંકારોથી અલંકૃત થઇને લક્ષ્મીજીને નવવધૂના રૂપમાં સાથે લઇને મનુષ્યના રૂપમાં આ રસ્તે આવ્યા. ત્યારે રાજાએ પથિક વેષધારી વરદરાજ ભગવાનની પાસે આવીને શીઘ્રતાપૂર્વક આભૂષણો લૂંટવા લાગ્યા. જ્યારે બધા અલંકારો લઇ લીધા ત્યારે તેમની નજર લક્ષ્મીજીના પગની આંગળીમાં રહેલ અંગૂઠી પર ગઇ. તેને લેવાનો પ્રયાસ કર્યો પરંતુ અંગૂઠી નીકળી નહી તેથી દાંતોથી પકડીને ઉતારવા લાગ્યા. જેવો જગજ્જનની લક્ષ્મીના પગનો મુખથી સ્પર્શ થયો તરત જ હૃદયમાં ભક્તિનો સંચાર થયો. લૂંટેલા આભૂષણોને એક પોટલામાં બાંધીને ઉપાડવા લાગ્યા તો વરજરાજ ભગવાનની ઇચ્છાથી પર્વતની સમાન ભારે થઇ ગયાં. અને ઉપાડી શક્યા નહીં. ત્યારે શ્રીસૂરીએ વિચાર્યું કે પથિકે મંત્ર પ્રયોગથી આ આભૂષણોમાં ભાર મૂક્યો છે. તેજ સમયે તલવાર લઇને પથિક પાસે આવીને કહ્યું મને મંત્ર આપો નહીં તો મારી નાખીશ. પથિકે કહ્યું મારી સામે નમ્ર થઇને ઊભા રહો તો હું તમને મંત્ર આપુ. ત્યારે શ્રીસૂરી વિનયી બનીને સાવધાની પૂર્વક મંત્ર લેવા લાગ્યા ત્યારે પથિકરૂપ ભગવાને તેમના કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો અને મૂળરૂપમાં પ્રગટ થઇને

ભગવાને તેને દિવ્ય દર્શન આપ્યાં. ભગવાનનાં દર્શન થતાં જ પરકાલ સૂરી શીઘ્રકવિ તો હતા જ તેથી તરત જ દ્રાવિડ પ્રબન્ધોમાં સ્તુતિ કરવા લાગ્યા. આ સ્તુતિ છ પ્રબન્ધોમાં થઇ. શીઘ્ર અને સુંદર તથા વિસ્તૃત પ્રબન્ધોની રચના કરવાને કારણે તેઓનું ચતુષ્કવિ એવું નામ પડ્યું. છ પ્રબન્ધોનાં નામ આ પ્રમાણે છે. (૧) પેરિય તરુમોલિ - ગાથા ૧૦૮૪. (૨) તિરુક્કુરુન્ તાણ્ડગમ્ - ગાથા ૨૦. (૩) તિરુવાલુક્કુત્તિરુક્કૈ - ગાથા ૯. (૪) તિરુનેડુન્તાંડગમ્ - ગાથા ૩૦. (૫) શિરિય તિરુમડલ્ - ગાથા ૪૦. (૬) પેરિયતિરુમડલ્ - ગાથા ૭૮. આ પ્રમાણે સ્તુતિ સાંભળીને ભગવાન અતિ પ્રસન્ન થયા અને વર માંગવાનું કહ્યું. ત્યારે શ્રીસૂરીએ કહ્યું આપનાં દર્શનથી હું પૂર્ણકામ થયો છું. પરંતુ ભક્તોની રક્ષા માટે સદા અહીં નિવાસ કરીને રહો. ભગવાને પ્રાર્થના સ્વીકારી અને કહ્યું કે તમો શ્રીરંગમ્‌માં જાઓ અને ત્યાં ભગવાન માટે પાકાલય (રસોઇ ઘર)નું નિર્માણ કરો. આવો આદેશ કરીને ભગવાન અદ્રષ્ય થઇ ગયા. શ્રીસૂરી પોતાની નગરીમાં આવીને વૈષ્ણવોની ભોજન સેવા પૂર્ણ કરીને શ્રીરંગમ્‌માં આવીને નિવાસ કરવા લાગ્યા. ભગવાનની નિત્ય વિવિધ પ્રકારની સેવા કરવા લાગ્યા અને પાકાલયનું નિર્માણ પણ પૂર્ણ કરાવ્યું.

**દ્વાદશ આલવાર આચાર્યોનો વૈભવ સમાપ્ત**

---

# નર સ્વર 'ખરજ' અરુ નારી કોકીલ પંચમમ્

- હિંમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

**શિક્ષાપત્રી શ્લોક : ૩૪**

**ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात कार्या न पुरुषैः ।**
**न विवादः स्त्रिया कार्यो न राजा न च तज्जने ॥**

"મારા આશ્રિત પુરુષો હોય તેમણે, સ્ત્રીઓના મુખ થકી જ્ઞાનવાર્તા સાંભળવી નહિ અને સ્ત્રીઓ સાથે વિવાદ કરવો નહિ. તથા રાજા સંગાથે અને રાજાના માણસો સંગાથે વિવાદ કરવો નહીં."

આપણે પૌરાણિક સમુદ્ર મંથનની કથાવાળી 'મહામાયાના મોહિની રૂપ' - ને યાદ કરીએ તો સમજણ પડે કે સ્ત્રીની દૃશ્ય પ્રતિભા, અંગભંગી આંખોથી ઈંગિત થતી અદાઓ અને બ્રહ્માંડનાં સર્વ જીવોને મોહિત કરતા નારી-સ્વરની અદ્‌ભુત માદકતાથી, સતત અને સર્વકાળે સૌ કોઈ અંજાઈ જ જાય છે.

શતાનંદજી પણ આવી જ ઊંચી ભૂમિકાની સમજણ આપે છે કે -

- સ્ત્રીની વાણીથી પુરુષનું મન આકર્ષાય છે.
- વ્યાસપીઠ પરથી રંગેચંગે થતું ઉદ્‌બોધન ગુપ્તપણે આશક્તિ સર્જે છે.
- આશક્તિથી વિકૃતિ ઉત્પન્ન થાય છે.
- સ્ત્રીના ગમવાપણાથી પુરુષની મનોમન કલ્પનાના ઘોડાઓ ભાગમભાગ કરે છે ને પ્રસંગે બંધાય છે.
- પ્રસંગે કરીને દૃઢબંધન બંધાય છે.
- આ દૃઢ બંધન ભેદી શકાતું નથી ને..ને..ને પેલી બીજી પૌરાણિક કથા પ્રમાણે સ્વર્ગની અપસરા મેનકા મહર્ષિ વિશ્વામિત્ર જેવા ઉતમોત્તમ મહર્ષિનું પણ તપોભંગ કરાય છે તો..તો આ અદના કલિયુગી માનવીનું શું ગજું કે બચી શકે..?! તેથી શ્રીહરિ સત્સંગીને સાવધાન કરે છે..!

વળી, એક વધુ સિદ્ધાંત પણ આ શ્લોકમાં સમાયો છે. સ્ત્રી સાથે વિવાદ ન કરવો અને રાજાના કર્મચારીઓ સાથે પણ માથાકૂટમાં ન પડવામાં જ સલામતિ છે.

કવિની ટકોર મમળાવો :

નર સ્વર 'ખરજ' અરુ નારી કોકીલ પંચમમ્,
ખરજ ગંભીર ગાંભીર્યમ્ કોકીલ તો મનભાવનમ્ ;

શ્રી ભાગવત શાસ્ત્ર બોધ પ્રમાણે કપિલ ભગવાન તેમના માતાને સાવધાન કરે છે, હે માનવ ! પુરુષોને સ્ત્રીના

પ્રસંગે કરીને જેવો ધનિષ્ઠ મોહને બંધન થાય છે, એવા મોહને બંધન તો બીજા કોઈના પ્રસંગે થતા નથી. વળી હે માતા ! સ્ત્રીરૂપી માયાનું બળ તો જુઓ, દશે દિશાઓને ગજાવનારા એવા પુરુષોને પણ સ્ત્રી માત્ર એક જ ભ્રકુટિ વિલાસ માત્રથી તેના પગની પેની નીચે દબાવી દે છે. ને એવો સ્ત્રી આદિ બનેલ અલમસ્ત પુરુષ તેના આંખના ઈશારે ઊઠ-બેસ, દંડ-બેઠક કે ભાંગડા નૃત્ય પણ કરે જ છે. માટે જ શ્રીહરિ સત્સંગીને સાવધાન કરે છે.

અત્રે સ્ત્રીની પ્રકૃતિદત્ત મૂળભૂત શક્તિઓનું જ વર્ણન માત્ર છે તે સારું કે ખરાબ માની લેવાનું નથી. સ્ત્રી અને રાજાના કર્મચારી સાથે માત્ર સંવાદ કરવામાં જ સલામતિ છે.

પુરુષોના સહજ પ્રકૃત્તિક ગુણો છે, શક્તિશાળી હોવું, શૌર્યવાન, ઝડપી જવાબદારી સંભાળવી, કટોકટીનો મુકાબલો, ક્રોધ, નિર્દયતા ઈત્યાદિ વધુ પ્રમાણમાં દેખાય છે. જ્યારે આવા તત્ત્વો સ્ત્રીમાં ઓછી માત્રામાં જોવા મળે છે. બન્ને પક્ષે વિરોધ નહિ પણ વિશેષતા જોવા મળે છે...શા માટે ? જુઓ સ્ત્રીઓમાં વાતોડિયાપણું, દયા, પ્રેમ, માયા, લાગણી,અન્ય વ્યક્તિમાં જલદી આવી જવું, સંપર્કશક્તિ, જૂઠું બોલી વર્તન છુપાવવાની વૃત્તિ કે અન્યને પટાવી લેવું, કાન ભંભેરણી અને પડદા પાછળ રહી દોરી સંચાર કરવાની વૃત્તિનું પ્રાધાન્ય જોવા મળે છે. વળી નારી આકર્ષણની સમ્રાજ્ઞી છે.

પ.પૂ. રામચંદ્ર ડોંગરેજી મહારાજ તેમની કથાઓમાં ભારપૂર્વક નારીઓમાં રહેલા અદ્‌ભુત શક્તિ સામર્થ્યની વાતો કરતાં પ્રબોધતા કે, ''સ્ત્રી શરીરજ સર્જનહારાએ એવું અદ્‌ભુત સર્જ્યું છે જે સહજપણે મોહિનીની ભુરકી ભંભરાવી શકેને ભલભલા પુરુષોને પણ ભ્રમિત કરી શકે.''

સ્ત્રીમાં છે તે પુરુષમાં શા માટે નથી ? બન્નેમાં પ્રબળ કોણ કે સારા-ખરાબની તાર્કીક ગડમથલમાં પડ્યા કરતાં આજનું વિજ્ઞાન આપણને કાંઈ માર્ગદર્શન આપી શકે ખરું..? જરા સમજીએ.

જીવમાત્રની રચનામાં DNA અતિ સૂક્ષ્મ સેલ કે રંગસૂત્રો સમાયેલા છે. જેમાં અનંતાનંત ખૂબીઓ ભરેલ છે. રંગસૂત્રોના ૧૦૦% જથ્થામાંથી ૫૧% એકાવન ટકા ભાર મળવાથી નર અને ૪૯% ભાર મળવાથી નારી ઉત્પન્ન થાય છે. આવી માત્ર ૧૦૦% ટકાની ભરપ-ઓછપ તેમના શરીરમાં બ્રાહ્ય, આંતરિક, સ્થૂલ કે સૂક્ષ્મ અદ્‌ભુત ફેરફારો બક્ષે છે, અને બન્નેના મન, બુદ્ધિ, ચિત્ત, અંહકારમાં આસમાન જમીનનું અંતર સર્જાય છે. એક નર ગીવર-આપનાર અને એક નારી રીસીવર-લેનાર બને છે.

ચાલો થોડાંક પૌરાણિક અને આધુનિક વૈયકતિક ઉદાહરણોની જ મદદ સમજણ લઈએ.

શ્રી રામાયાણની મંથરા, શ્રી મહાભારતની ગાંધારી, દ્રૌપદી, સીતા, મંદોદરી, ધ્યાનાકૃષ્ટ કરતાં પાત્રો છે. વળી, રંગસૂત્રોનાં પૂરા અડધા વિભાજનથી ૫૦% - ૫૦% થી મહાભારતનો શિખંડી પેદા થાય.

અત્યાધુનિક ઉદાહરણોમાં ગ્રેટ બ્રિટનના પ્રધાનમંત્રી માર્ગારેટ થેચર ઈઝરાયેલના પ્ર.મ.ગોલ્ડા મેયર આના ઉદાહરણો સામાન્ય નિયમોથી પણ ઉપરવટ જઈ ઊલટા-સૂલટ ગુણવત્તા પણ બતાવી શકે પણ મૂળભૂતતા તો કાયમ જ રહે છે.

ઈતિહાસનાં સમય પટ પર હજારો વર્ષોની યાત્રા કરી, ગડમથલ પછી જે સમજવું હોય તે જ સમજાઈ જાય તો તેને બદલે આપણાં સંપ્રદાયના જ સ્થાપક શ્રીહરિનાં બોધ અને શતાનંદ મુનિના પ્રબોધને જ ઝડપટ સાંભળ્યા ભેળાં માની લેવામાં કેટલી બધી સરળતા, સહજતા અને આપણી જ અક્કલમંદી સમાયેલી છે, જરા સત્સંગીએ વિચારવા જેવું ને આચરવા જેવું ને આ જ્ઞાન ફેલાવવા જેવું ખરું કે નહિ ?

ટૂંકમાં -

''લડના-ઝગડના છોડો યારોં,  
ષડરિપુઓંકો મૂલસે ઉખાડો;  
હર દિન નઈ મોજ મનાઓ,  
શિત્રાપત્રી પે સંસાર ચલાવો;''

# મોટી ઓથ મહારાજની

– અતુલ બી. પોથીવાલા, અમદાવાદ

"તમે ચારેય જણ અમારું એક વચન માનશો ?"

"હા મહારાજ ! તમે કહેશો તેમ કરીશું." ચારેય જણ બહુ હોંશથી ભરોસાનો બોલ બોલ્યા. શ્રદ્ધા અને વિશ્વાસના એ રણકતા બોલથી મહારાજ બહુ રાજી થયા. "તમને વીશ દિવસની મહેતલ છે તે દરમ્યાન મેમકા છોડીને કુટુંબ સહિત ચાલ્યા જજો. સર્વે માલમત્તા લઈને ઉચાળા ભરજો પણ અહીં રહેશો નહિ." મહારાજ તો વિદાય તયા. સોનેરી મોળિયું જ્યાં સુધી દેખાયું ત્યાં સુધી ચારેય મહારાજને જોતા રહ્યાં.

એ ચાર હતા મેમકા ગામના ચાર માત્ર સત્સંગી, મૂળજી શેઠ, હંસરાજ સુથાર, શામો અગોલો અને શામો કણસાગરો. મહારાજ કારિયાણીથી ખાસ ચાલીને મેમકા પધારેલા. માત્ર પોતાના સત્સંગીનું રક્ષણ કરવાને કાજે.

પંદર દિવસમાં ચારેય જણે ઉચાળા ભર્યા. તેમાં મૂળજી શેઠ લીંબડી ગયા. બીજા બીજે ગામ ગયા પણ જ્યાં જઈને રહ્યા ત્યાં મહારાજની મૂર્તિનું ચિંતવન કરતા રહ્યા ! અને એકવીશમાં દિવસે મેમકામાં ગાયકવાડી ફોજ સાથે બાબોજી ચડી આવ્યા અને વઢવાણનું ગામ જાણી લૂંટી લીધું. મહારાજના બોલમાં અડગ વિશ્વાસ રાખ્યો તે ચારેય સત્સંગી બચી ગયા ! જેને મહારાજની ઓથ તેને શેની ખોટ ! મૂળજી શેઠ હવે લીંબડીવાળા મૂળજી શેઠ તરીકે ઓળખાવા લાગ્યા.

શ્રીજી મહારાજે જ્યારે ડભાણમાં યજ્ઞ કરેલો ત્યારે મૂળજી શેઠને ખાસ હિસાબ-કિતાબ રાખવા તેડાવેલા. યજ્ઞમાં હજારો માણસોની ભીડ હતી અને એમાં કેટલાય દ્વેષી પણ પેસી ગયેલાં. એમણે તો ઘી ખૂટી ગયું છે, રૂપિયા પણ ખૂટી ગયા છે – એવી ગપ ચલાવી પણ મહારાજે મૂળજી શેઠને બોલાવીને કહ્યું, "વિપ્રો ભલે અવળીમાં છે, તો પણ ધન વહેંચી દેજો. અમારે સંગ્રહ નથી કરવો."

પણ મૂળજી શેઠ બધું જાણે કે બૂમરાણ તો દ્વેષીઓએ ખૂબ મચાવ્યું છે એટલે એમને કકળાવવામાં કશું ખોટું નથી. વળી નામા ઉપર માલ-સામાન આણ્યો છે તે સૌને યજ્ઞ કાર્ય પુરું થતાંની સાથે જ ચૂકવી દેવા નાણાની જરૂર પડશે. સિલકમાં હાલ ભલે ધન છે પરંતુ હઠીલા દ્વેષી વિપ્રોમાં ઉડાડી દેવા માટે નથી. યજ્ઞના કાર્યમાં રોકાયેલા મહારાજની પડખે જઈ એમણે મુદ્દાની વાત કરી, "મહારાજ ! આપે શું સમજીને કહી દીધું કે...." મૂળજી શેઠનું શરીર રોષથી ધ્રુજતું હતું ને અવાજ કંપતો હતો.

મહારાજે એકાંત ખોળીને એમને સમજાવ્યું, "આજે આપવાનો દિવસ છે અને હું તો આપવા જ પાટલે બેઠો છું. તમે ફિકર ના કરશો શેઠ. બ્રાહ્મણો કેવા છે તે શું હું નથી સમજતો ? પણ હું જ ઉઠીને એમને જાકારો દઈશ તો પછી એ ક્યાંયનાં નહિ રહે. લોકોમાં એમનું માન નહીં રહે. પૂજન-અર્ચનમાંથી અને વિધિ-વિધાનમાંથી લોકોની શ્રદ્ધા ડગી જશે. કેમ કે આ બધું હજી આ બ્રાહ્મણોના હાથે ચાલતું રહેવાનું છે. અને બધા દ્વેષી પણ નથી. એમાંના ઘણા બ્રાહ્મણો વિદ્વાન છે. જ્ઞાન અને કર્મ બંનેના સંભાળનારા છે. એમનું અંતર ખોટું થઈ જાય તે અમને નહિ ગમે. માટે આપો શેઠ આપો. મનમાં કશોય સંકોચ કે ખટકો રાખ્યા વિના આપો."

મૂળજી શેઠ તો મહારાજની મુદ્રા સામું જોતાં જ રહ્યાં : "અરે હું જ ભૂલો પડ્યો ! જ્યાં સ્વયં પુરુષોત્તમ નારાયણ આપવા બેઠા છે ત્યાં આ અવળચંડો જીવ શંકા ધરીને બેસી ગયો ! મહારાજે મને હિસાબ-કિતાબ રાખવા તેડાવેલો છે તે હું મહારાજને જ ભૂલીને હિસાબ

સમજાવવા બેસી ગયો !''

મૂળજી શેઠનો રોષ પલકવારમાં શમી ગયો. મહારાજને કહે, ''મહારાજ ! આપ કહેશો એટલું ધન આપતા રહીશું !''

પછી તો મહારાજે માંગ્યું એટલું ધન મૂળજી કાઢતા ગયા. પાછા વળીને જોયું જ નહિ. અને મહારાજ પણ એ ધન આપતા જ ગયા. કદીક પૂછ્યું પણ નહિ કે હવે શી સ્થિતિ છે ! હજારોની સંખ્યામાં આવેલા બ્રાહ્મણો ખોબલે ખોબલે ધન પામ્યા. સૌને સંતોષ થયો. દ્વેષી બ્રાહ્મણો પણ ભોજન તથા ધન પામીને આનંદ પામ્યા. મહારાજનો તથા ધર્મનો યશ ગાતા ગાતા સહુ વિદાય થયા.

મહારાજ હવે ગાદી ઉપર વિરાજમાન થયા. મૂળજી શેઠને તેડાવ્યા અને પૂછ્યું, ''બોલો હવે તમારી આવતીકાલની ચિંતા શી છે તે જણાવો. તપાસ કરીને કહો કે કેટલી કસર રહેશે.''

પણ કસર હોય તો કોઈ કહેને ? મૂળજી શેઠ ઓરડાં ઉઘાડી રૂપિયાની કોઠીઓ જોઈ વળ્યા. પૂરા સોળ હજાર ગણીને ભર્યા હતા તે બધા એકબંધ જોઈને અચરજ પામ્યાં. તેઓ તો અહોભાવની સિલક લઈને મહારાજ પાસે આવ્યા.

સાષ્ટાંગ દંડવત્ કરીને દીનવદને બોલ્યા, ''સિલક તો પૂરેપૂરી સોળ હજાર રૂપિયા વધી છે મહારાજ ! મોટી ઓથ જ્યાં આપની હોય તે સત્કાર્યમાં શી મણાં હોય?''

વિશ્વનો સર્વ પ્રથમ એવો - આવડો મોટો યજ્ઞ આજે નિર્વિઘ્ને સમાપ્ત થયો. શ્રીહરિની આસપાસ સર્વે સેવા આપનારા સત્સંગી ભક્તજનો પણ વિંટળાઈ વળ્યા. આવડું મોટું અચરજ નિહાળીને સૌના અચરજનો પાર ન રહ્યો.

જે સત્કાર્યમાં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજની ઓથ હોય તેમાં ખોટ ખમવાનું હોતું જ નથી. આપો તેથી અધિક મળે છે - સુયશ અને કલ્યાણ બન્ને ! સહજાનંદી સ્વરૂપનો આ જ તો પ્રાતપ છે ને ?

સંધ્યા આરતીની ઝાલરો રણકી ઊઠી. લાખોની સંખ્યામાં આવેલી જનમેદની આજે સાક્ષાત્ લક્ષ્મી અને રિધ્ધિ-સિદ્ધિના સ્વામી એવા સહજાનંદી સ્વરૂપના પ્રભાવ નિહાળી વિસ્મય પામી ગઈ !

# સત્સંગમાં સતત વૃદ્ધિના માર્ગો (ભાગ : ૧)

- નિરવ પંડ્યા, વિદ્યાર્થી સ્મૃતિ મંદિર—ભુજ

અમેરિકામાં બાર વર્ષના એક ગરીબ છોકરાને તેના પિતાએ ત્રણ મેલાઘેલા પીળા રંગના ત્રણ ટી-શર્ટ આપ્યા અને કહ્યું આ પૈકીનું એક ટી-શર્ટ તારે ૨૦$(ડોલર)માં વેચવાનું છે. બાળક વિચારમગ્ન બની ગયો મેલા ઘેલા વસ્ત્રને ૨૦ ડોલરમાં વેચવું અઘરું હતું પણ તેને યુક્તિ શોધી કાઢી. તેણે તે ટી-શર્ટ ધોઈ સૂકવી બે-ત્રણ વસ્ત્રો વચ્ચે ગડી વાળી રાખી દીધું અને વળતા દિવસે આખો દીવસ રખડપટ્ટી કરી અને અંતે ૨૦ ડોલરમાં તે ટી-શર્ટ વેચવામાં સફળ રહ્યો. તેના મુખ પર સંતોષ અને બાર વર્ષે પ્રથમ કમાણીની ખુશી હતી.

તેના પિતાએ તેને બીજું મેલું ટી-શર્ટ આપતા કહ્યું આને તારે ૨૦૦ ડોલરમાં વેચવા કહ્યું. બાળક વધુ મુંઝાયો ૨૦૦ ડોલર તો ઘણા કહેવાય છતાંય તેણે હૈયે હિંમત રાખી. તેણે તે કપડાંને ધોઈ સૂકવી અને તેના પાછલા દિવસના ૨૦ ડોલરમાંથી ૧૦ ડોલરનું મિકી-

માઉસનું પેન્ટિગ કરાવ્યું અને વળતા દિવસે તે પૈસે ટકે સમૃદ્ધ લોકોના બાળકો ભણતા હોય તેવી શાળાના આસપાસના વિસ્તારમાં પહોંચી ગયો. ત્યાં એક બાળકે મિકી-માઉસ વાળું ટી-શર્ટ જોયું. સ્કૂલેથી પરત લેવા આવેલા વાલી સામે બાળકે જીદ કરી કે તેને તે મિકી-માઉસ વાળું ટી-શર્ટ લેવું છે.પિતા સમૃદ્ધ હતા બાળકની ઈચ્છા ટાળી ના શક્યા. આમ તે બીજું ટી-શર્ટ ૨૦૦ ડોલરમાં વેંચાઈ ગયું.

ત્રીજા દિવસે એજ મેલુઘેલું વધેલ ત્રીજું ટી-શર્ટ બાળકને આપતા એના પિતા બોલ્યા આને તારે ૨૦૦૦ ડોલરમાં વેંચવાનું છે. બાળક તો એકદમ ધીર ગંભીર બની ગયો .પણ તેણે તેના પિતા પર વિશ્વાસ હતો અને પોતાની આવડત ઉપર ભરોસો હતો. બે ત્રણ દિવસ બાદ તેણે એ સમયે પ્રસિદ્ધ હોલીવુડ ની હીરોઈન લીલી ગ્લેવેનેરની શહેરના ટાઉનહોલમાં આવવાની વાત સાંભળી આ સાથે જ તેના દિમાગમાં ઝબકારો થયો. ટી શર્ટ સાફ થયેલ તૈયાર જ હતું. તે ટી-શર્ટ સાથે લઈ ગયો. જેમ તેમ કરી તે લીલી સુધી પહોચવામાં સફળ થયો અને ટી-શર્ટ પર લીલીનો ઓટોગ્રાફ માંગ્યો. આ ૧૨ વર્ષના માસુમ બાળકને જોઈ લીલીએ પણ ઓટોગ્રાફ આપી દીધો. ત્યારબાદ તેણે ટાઉનહોલની બહાર જ બોર્ડ નાખ્યું "લીલી ગ્લેવેનેરના ઓટોગ્રાફ વાળું ટી-શર્ટ ૨૦૦૦ ડોલર.× જોતજોતામાં ભીડ હરાજીમાં તબદીલ થઇ ગઈ અને તમે માનશો નઈ તે ટી-શર્ટ ૫૦,૦૦૦ ડોલરમાં વહેચાયું. માઈકલને પોતાની જાત પર ભરોસો હતો પણ એટલી મોટી રકમ પ્રાપ્ત થાશે તેનો તો તેને સપનામાં પણ વિચાર નહોતો કર્યો આ વસ્તુ પણ શક્ય બની. આ ઘટના પ્રસિદ્ધ બાસ્કેટબોલ ખેલાડી માઈકલ જોર્ડના બાળપણની છે.

કહેવાનો ભાવાર્થ એટલો છે કે માઈકલને જેમ તેના પિતા પર વિશ્વાસ હતો તેવી જ રીતે આપણે પરમકૃપાળુ પરમેશ્વર પર વિશ્વાસ રાખવો તેના એકાંતિક સંતો પોતાના પર વિશ્વાસ મુકે તેવું કેળવાવું અને અઘરામાં અઘરી લાગતી આજ્ઞાને પ્રભુ સાથે છે અને મારા પરમ કલ્યાણને માટે છે તેમ સમજી પાલન કરવું. પરિણામની ફલશ્રુતિમાં તમે ધાર્યા કરતાં પણ અનેકગણું સુખ સમાયેલ છે.

૨ : "પછી ગઢપણમાં ગોવિંદ ભજાશે નહી"'આ કીર્તન નિત્યે સ્મરણમાં રાખવું. આજ કરશું કાલ કરશું એમ કરતાં દહાડા લંબાવવા નહિ અને ફાજલ સમય પ્રભુ ભક્તિ,સત્સંગ સેવા અને ગરીબોના ઉત્કર્ષમાં લગાવવો.

૩ : દિન પ્રતિદિન સત્સંગનો હિસાબ રાખવો(વચનામૃત) સત્સંગમાં જોડાયા ત્યારથી આજ દિન સુધી મૂલ્યાંકન કરતા રહેવું.

૪ : એકાંતિક સંતોના કૃપાપાત્ર થવું અને નિષ્ઠાવાન હરિભક્તોનો સંગ રાખવો.

૫ : અભાવને અવગુણ ટાળવા સંતો અને હરિભક્તોના મીઠા ઠપકાને ડોક્ટરની કડવી દવા સમજીને ગ્રહણ કરવી. જેમ ડો.ચીર-ફાડ કરે પણ ઓપરેશન બાદ દર્દીની સલામતી વધુ મજબૂત થાય તેમ સવળું લેવું.

૬ : મહારાજની આજ્ઞાઓ (શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગી જીવન ....) અને તેના પરમ એકાંતિક સાધુની આજ્ઞામાં રહેવું.

અંતે પરમકૃપાળુ પરમેશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વાવતારી પુરુષોતમ નારાયણને કરબદ્ધ વિનંતી કરવી કે નિત્ય પ્રત્યે સત્સંગમાં વધુને વધુ બળીયો કરે અને તેમના પરમ ધામનું સુખ આપે.

# સંત પરમ હિતકારી

- પોકાર ધ્યાની અરવિંદકુમાર, ઘડાણી હાલે સુરત

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંત સમાગમનો મહિમા ખૂબ જ છે. નિત્ય સંતસમાગમ થકી ભગવાનની સેવા-પૂજા અતિ પવિત્રને સુખદાયી થાય છે. સત્સંગી ગૃહસ્થ વાસનાવાળા ત્યાગી કરતાં ઘણો શ્રેષ્ઠ છે. ગૃહસ્થના ધર્મ ઘણા કઠણ છે. અનંત પ્રકારના સુખ-દુઃખ આવી પડે ત્યારે સંતની સેવામાંથી મનને આડું અવડું ડોલવા દે નહી અને એમ સમજે સંતનો સમાગમ મળ્યો છે. તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો છે. ધન-દોલત, દિકરા-દીકરી એ તો સર્વ સ્વપ્ન તુલ્ય છે. સાચો લાભ એ તો સંતસમાગમ મળ્યો તે જ છે. સંનિષ્ઠ ભક્તનો સમાગમ મળવો પણ અતિ દુર્લભ છે. પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ તેજ હરિનો દાસને પ્રાકૃત ભક્ત કહેવાય. જેના દર્શને કરીને બીજા જીવનું કલ્યાણ થાય છે.

સર્વ હરિભક્તોને મોટા સમજે અને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે એવા લક્ષણ હોય ત્યારે શુભ વાસના વૃદ્ધિ પામે છે. જેમ વધુ સત્સંગ કરે તેમ વધુને વધુ સમાસ થતો જાયને અતિશય મોટપને પામે છે. સંતનો સમાગમ કરીને પુરુષોત્તમ ભગવાનનો સાચો મહિમા સમજે છે. ત્યારે તેના ઈન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે. ત્યારે તેમણે કરીને ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે કરીને જ હીરો વીંધાય છે પણ બીજા થકી નથી વીંધાતો. તેમ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે. પણ માયિક એવી ને ઈન્દ્રિયો કે અંતઃકરણ તેણે કરીને નથી થતો.

જે સંત કે હરિભક્ત કેટલાક શાસ્ત્ર સાંભળે કે ગમે તેવા મતવાદીની વાત સાંભળે કે ગમે તેવું પોતાનું અંતઃકરણ કુતર્ક કરે પણ કોઈ રીતે ભગવાનના સ્વરૂપમાં ડગમાગટ થાય નહિ તેવો સચોટ નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય. ભગવાનના સ્વરૂપનો દઢ નિશ્ચય કરીને સંબંધ થાય છે, તેને ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે ને તે ભક્ત ચાહે તે કરવાને સમર્થ થાય છે. જે સંત પંચવર્તમાનમાં દઢ રહેતા હોય ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા પરંતુ તેવા સંતને ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.

ભગવાનને અહંકાર ન ગમે તે પછી ભક્તિપણાનો હોય કે ત્યાગપણાનો હોય, વૈરાગ્યપણાનો હોય, બ્રહ્મપણાનો હોય કે સમજણ હોય કે વર્તમાન પાળ્યાનો હોય એ રીતનો જે જે અહંકાર છે તે સાચા સંતને ન ગમે. તેનાથી સત્સંગ શિથિલ થાય છે.

સંતો કે સત્સંગમાં પોતાને અતિ તુચ્છ જાણે ને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ એવાં જે હોય તે સત્સંગી સંતોને બહુ ગમે. તેવા ભક્તને સંતો થકી ભગવાનનું ધામ અણુ માત્ર છેટું નથી.

જે હરિભક્ત હિંમત રહિત વાત કરતો હોય તેના સંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. ને જે સંત પુરુષાર્થ કરીને પોતાને કૃતાર્થ માનતો હોય પણ ભગવાનનું બળ ન રાખે તેનો પણ ત્યાગ કરવો. ભગવાનના ભજનના સુખ આગળ ચૌદ લોકનું સુખ તે નરક જેવું છે. કારિયાણીના માંચા ભક્તની જેમ આત્મનિષ્ઠા, વૈરાગ્ય, દઢ સંકલ્પ ને શ્રીકૃષ્ણ ભગવાનની અત્યંત ભક્તિ થાય ત્યારે ભગવાનને વિશે પ્રવેશ થાય છે. ને ભગવાનના સંતની સેવા બહુ મોટા પુણ્યવાળાને મળે છે.

સાધુ સંતની ટીકા ટીપ્પણી કરી અવગુણ ન લેવો. તેનાથી ભગવાન કે સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી. અન્ય સ્થળને વિશે જે પાપ કર્યા હોય તે સંતને સંગે કરીને જાય અને સંતને વિશે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતા નથી. માટે જ સંતની ટીકા કરીને નકારાત્મક ભાવ લાવવો નહિં.

સંત પરમ હિતકારી, જગતમાહી સંત પરમ હિતકારી...

માન ત્યજી સંતને કે મુખસે, પ્રેમ સુધા રસ પીજે હો.

- નિશદિન સંત સમાગમ....

# વસંત પંચમી (મહાસુદ પાંચમ)

- હાલાઈ રાજેશ વાલજી, સુખપર

વસંત પંચમીનું સ્થાન હિન્દુ સંસ્કૃતિમાં વિશિષ્ટ છે. સૂર્ય જ્યારે મીન રાશિમાં પ્રવેશ કરે ત્યારથી વૃષભ રાશિમાં પ્રવેશ કરે ત્યાં સુધીનો સમયકાળ વસંતનો ગણાય છે.

વસંતપંચમી પછી ૪૦ દિવસે વસંતની શરૂઆત થાય છે પરંતુ પ્રત્યેક ઋતુનો ગર્ભકાળ ૪૦ દિવસનો ગણાય છે. એટલે આ દિવસથી વસંતનો મહિમા પ્રસરવા લાગે છે.

ભારતીય તારીખમાં ૬ ઋતુઓનું ચક્ર હોય છે. ૧. હેંમત, ૨. શિશિર, ૩. ગ્રીષ્મ, ૪. વર્ષા, ૫. શરદ, ૬. વસંત, આ ૬એ ઋતુમાં વસંતને ''ઋતુરાજ''ની ઉપમાં આપવામાં આવી છે. આ ઋતુમાં જે આહ્‌લાદકતા અને પ્રકૃત્તિનો દમામ જોવા મળે છે. તેઓ અન્ય ઋતુમાં જોવા મળતો નથી.

શ્રીજી મહારાજ પણ વસંતનો ઉત્સવ રંગભેર ઉજવતા. બ્રહ્માનંદ સ્વામી અને દેવાનંદ સ્વામીએ વસંતના અનેક પદોની રચના કરી છે.

વસંત ઋતુ આવી મારા વહાલા,
રંગભેર ફાગ રમાડો..

શ્રીજી મહારાજ સંતો-હરિભક્તો સાથે આ વસંતનો ઉત્સવ ઉમંગભેર ઉજવતા. સુવર્ણકળશમાં રંગ અને આંબાના મહોરને ભરીને લાવતા. શ્રીહરિએ કુંભનું પૂજન કરતા. ખજૂર, કોપરું, સાકર વગેરેનો પ્રસાદ વહેંચતા. ત્યારબાદ કુંભમાં ભરેલો રંગ શ્રીહરિ સૌ પર છાંટતા.

'વસંત'નો અર્થ છે, ''ચરમ ઉત્કર્ષનો કાળ...'' વસંતપંચમી આ વસંતની ઉત્કૃષ્ટ ને ચરમ તિથિ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ તિથિ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમાં ત્રણ કારણ છે.

૧. શિક્ષાપત્રી જયંતી : ગાગરમાં સાગર સમાન ૩૫૦ શાસ્ત્રોના સાર સમી શિક્ષાપત્રી આ દિવસે શ્રીહરિએ લોકાર્પણ કરી.

૨. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી જયંતી : સંવત ૧૮૨૨ના વસંતપંચમીના રોજ જામનગર જિલ્લાના શેખપાટ ગામે નિષ્કુળાનંદ સ્વામીનો લાલજી સુતાર તરીકે જન્મ થયો.

સંવત ૧૮૪૩માં રામનંદ સ્વામીના તેઓ શિષ્ય બન્યા. સંવત ૧૮૬૦માં શ્રીજી મહારાજ સાથે કચ્છની યાત્રાએ તેઓ નીકળ્યા ત્યારે તેમની ઉંમર ૩૮ વર્ષ હતી. અનેક ચમત્કારો દર્શાવી શ્રીહરિએ તેમને આધોઈ ગામમાં દીક્ષા આપી નિષ્કુળાનંદ સ્વામી નામ આપ્યું.

વૈરાગ્યના મૂર્તિમાન સ્વરૂપ સમાન નિષ્કુળાનંદ સ્વામી અનન્ય કવિ હતા.

શ્રીહરિચરિત્રામૃત સાગરમાં આધારાનંદ સ્વામી નોંધે છે કે નિષ્કુળાનંદ સ્વામી ગાતા ત્યારે સૌને સંસાર વન વાગતો અને કીર્તનની પંક્તિએ માયિક સુખ અંગારા સમાન લાગવા માંડતા.

સમૃધ્ધ ગઢડા મંદિરની મહંતાઈ ન લેતા તેમણે શુષ્ક ધોલેરાની મહંતાઈ સ્વીકારી.

શ્રીજી મહારાજ ગ.અં. - ૨૬માં કહે છે :

જેમ માયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે એવી જાતના જે હોય તેને સ્ત્રીધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ ડગે નહિ.

નિયમધર્મમાં નિષ્કુળાનંદ સ્વામીની દૃઢતા મેરું સમાન હતી. એક વાર શ્રીજી મહારાજ તેમને કહ્યું, ''જાવ, સ્ત્રીઓની સભામાં જઈને વાતો કરો.'' નિષ્કુળાનંદ સ્વામીએ આજ્ઞાનો અસ્વીકાર કર્યો. તેથી શ્રીજી મહારાજે આકરા થઈને કહ્યું, ''આજ્ઞા નહિ માનો તો વિમુખ કરીશ.'' ત્યારે સ્વામી બોલ્યા, ''આપની આજ્ઞા લોપીને વિમુખ થવાનું મને મંજૂર છે, પણ સ્ત્રીઓની સભામાં જઈને વિમુખ થવું પોષાય તેમ નથી.'' તેમની આજ્ઞા આવી સ્પષ્ટ સમજણથી મહારાજ ખૂબ રાજી થયેલા.

૩. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી જયંતી : રાજસ્થાનના શિરોઈ

જિલ્લાના ખાણ ગામે સંવત ૧૮૨૮ના વસંતપંચમીએ અસાધારણ પ્રતિભાના ધણી એવા બ્રહ્માનંદ સ્વામીનો જન્મ લાડુદાનજી તરીકે થયો હતો.

માત્ર ૧૫ વર્ષની વયે તેમણે છંદ, દોહા, કવિતા પર પ્રભુત્વ પ્રાપ્ત કરેલું. પીંગળ જાણવા તે કચ્છમાં આવ્યા હતા.

ભુજના મહારાવે તેમને રાજકવિ રત્ન, પીંગળ વિદ્યાચાર્ય, સહસ્રાવધાની, મહામહોપાધ્યાય, શીઘ્ર કવિશ્વર વગેરે પદવીઓથી વિભૂષિત કર્યા. લાડુદાનજીના રેણકી, ચર્ચરી વગેરે છંદો જ્યારે ગાવાતા ત્યારે શ્રોતાજનો ભાવ સમાધિમાં લીન થઈ જતા.

તેઓના કવિત્વથી ધ્રાંગધ્રા, જામનગર, જૂનાગઢ અને ભાવનગરના રાજાઓ આકર્ષાયા. ભાવનગરના રાજવીના કહેવાથી સ્વામિનારાયણ ભગવાનપણાની કસોટી કરવા ગઢડા પધાર્યા. એકવાર લાડુદાનજી ભુજ પધાર્યા. મહારાજના દર્શન અને ઐશ્વર્ય પ્રતાપથી તેમનું અંતર રંગાઈ ગયું ને ગાઈ ઉઠ્યા...

''આજની ઘડી રે ધન્ય, આજની ઘડી,
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.''

મહારાજે તેમને દીક્ષા આપી ''બ્રહ્માનંદ'' સ્વામી નામ રાખ્યું.

શ્રીજી મહારાજ પ્રત્યે અનન્ય આશરાની પ્રતીતિ હતી. મહારાજની આજ્ઞા થતાં તેઓ કંતાન પહેરવા તૈયાર થઈ ગયેલા.

બ્રહ્મચર્યમાં સ્વામીને શ્રીજી મહારાજ યતિ કહેતા. અખંડ નૈષ્ઠિક વ્રતને કારણે તેમની આભા ગમે તેવા વ્યક્તિને આંજી દેતી. એકવાર જૂનાગઢમાં નગરયાત્રા દરમ્યાન દ્વેષી દિવાને કાઠીઓની ઘોડીઓ વચ્ચે એક મદોન્મત ઘોડાને તોફાન કરવાના ઈરાદે મોકલ્યો. ઘોડીઓને જોતા ઘોડો તોફાને ચડ્યો, પણ જેવા બ્રહ્માનંદ સ્વામીએ ઘોડા ઉપર દૃષ્ટિ કરીને અને હાથ ફેરવ્યો કે તરત જ સ્પર્શ માત્રે ઘોડાની કામવૃત્તિ હરાઈ ગઈ. સમગ્ર યાત્રા દરમ્યાન તે નીચી દૃષ્ટિએ ચાલતો રહ્યો.

સાધુતા, વિદ્વતા અને વ્યાવહારિક કૌશલ્ય આ ત્રણેનો સ્વામીમાં અદ્‌ભુત સંગમ હતો. અમદાવાદ, ભુજ, વડતાલ, જૂનાગઢ આદિ મંદિરોના નિર્માણમાં બ્રહ્માનંદ સ્વામીનો ફાળો અદ્વિતીય છે.

બ્રહ્માનંદ સ્વામી શીઘ્ર કવિ હતા. એકવાર મહારાજે એવું પ્રકરણ ચલાવેલું કે જો કોઈ સભામાં ઊંઘે તો તેને બેરખો મારવો. એકવાર સ્વામીને ઝોકું આવી ગયેલું ને મહારાજે તેમને બેરખો માર્યો. સ્વામીએ કારણ પૂછ્યું તો મહારાજ કહે કે તમે ઊંઘતા હતા. સ્વામીએ કહ્યું, ''મહારાજ, હું ક્યાં ઊંઘતો હતો ? હું તો તમારી મૂર્તિના પદો બનાવતો હતો.''

મહારાજ તરત કહે, ''તો ગાવો એ પદો.''

બ્રહ્માનંદ સ્વામીએ તરત કીર્તન ઉપાડ્યું, ''તારે ચટક રંગીલો છેડલો.'' સ્વામી એક કડી બોલે અને શ્રોતા તે કડી ઝીલે.

સભામાં એક કડી ઝીલે ત્યાં સુધીમાં તે તરત જ બીજી કડી બનાવી લેતા. આમને આમ તેમણે સળંગ ૪ કીર્તનો બનાવ્યાં.

વિખ્યાત સાહિત્યકાર કનૈયાલાલ મુનશી કહે છે : ભાષા સૌંદર્યમાં તેઓ દયારામ સિવાયના તમામ સમકાલીન કવિઓ કરતા આગળ નીકળી જાય છે.

બ્રહ્માનંદ સ્વામીએ ગુજરાતી, હિન્દી, વ્રજ, કચ્છી, રાજસ્થાની, ચારણી આદિ ભાષાઓમાં ૮૦૦૦ પદો રચ્યા છે. ૧૯ જેટલા નાના-મોટા ગદ્ય-પદ્ય ગ્રંથો રચ્યા છે.

એકવાર ભાયાદુલા કાગને મુખે રવીન્દ્રનાથ ટાગોરે બ્રહ્માનંદ સ્વામીએ રચેલા ચર્ચરી છંદના નીચેના પદો સાંભળ્યા.

સર સર સર અધર અમર સર અનુસર..

આ પદો સાંભળીને રવિન્દ્રનાથ ટાગોર મુગ્ધ થઈ ગયેલા.

બહુમુખી પ્રતિભાના માલિક બ્રહ્માનંદ સ્વામીએ સંપ્રદાયના વિકાસ અને પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

વસંતપંચમીનો આ દિને બંગાળમાં સરસ્વતીની

મૂર્તિની પૂજા કરવામાં આવે છે.

## શિક્ષાપત્રી જયંતી

વસંતઋતુને શ્રીકૃષ્ણ ભગવાને પોતાની વિભૂતી કહી છે.

ઋતુનાં કુસુમાકર (ગીતા : ૧૦/૩૫)

આ પુણ્યમયી, મંગલમયી વસંતુઋતુમાં જ શ્રીજી મહારાજે પોતાની વાણી સ્વરૂપા શિક્ષાપત્રી આપી છે.

સં. ૧૮૮૨ની વસંત પંચમીએ વડતાલમાં શ્રીજી મહારાજે શિક્ષાપત્રીની રચના પૂર્ણ કરી.

ગાગરમાં સાગર સમાન આ ૨૧૨ શ્લોકના નીતિ વિષયક ગ્રંથમાં શ્રીજી મહારાજે ૩૬૦ શાસ્ત્રોના ૩૬૧૮ શાસ્ત્ર વચનોનો સમાવેશ કર્યો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રાગટ્ય સમયે સમસ્ત ગુજરાત અને ભારતમાં આધ્યાત્મિક ક્ષેત્રે અંધકાર વ્યાપી ગયો હતો. એ અંધકારને વિદારીને પ્રકાશ રેલાવનારી અંજન શલાકા એજ શિક્ષાપત્રી.

આ ગ્રંથને સ્હહેક્ક્ષ્ર્ક સ્હહક્ક્ષ્ષૈહી કહી શકાય. જેમ કાર કે ટીવી કે મોબાઈલ સાથે તેને કેવી રીતે વાપરવો તેની 'સ્હહેક્ક્ષ્' માર્ગદર્શક સૂચિ હોય છે. તે જ રીતે સર્વશ્રેષ્ઠ મનુષ્યદેહ અને જીવનને કેવી રીતે જીવવું તેનું પૂર્ણ માર્ગદર્શી પત્ર એટલે શિક્ષાપત્રી. મનુષ્યજીવનને લગતા, કૌટુંબિક, આર્થિક, વ્યવહારિક, સામાજિક, સ્વાસ્થ્ય સંબંધી તમામ પાસાઓની એમાં વિસ્તૃત છણાવટ છે.

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને અચોરી... સદાચારી જીવનના મુખ્ય અંગો છે. તેનો અહીં દૃઢતાથી ઉપદેશ અપાયો છે.

કળિયુગના મુખ્ય પાંચ સ્થાનો શાસ્ત્રોમાં ગણાવવામાં આવ્યા છે. દારુ, જુગાર, વ્યભિચાર, માંસાહાર અને વ્યર્થ ધન સંગ્રહ. આ પાંચેય પ્રકારના મહાકુસંગથી બચવાના સચોટ ઉપાય અને માર્ગદર્શન શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે આપ્યા છે.

શિક્ષાપત્રીનો એક છેડો આધ્યાત્મિકતાના આકાશ પર છે, તો બીજો છેડો ધરતી પર જીવતા માણસના જીવનમાં છે. આત્મા-પરમાત્માના શુધ્ધ જ્ઞાન ક્યાં થૂંકવું, ક્યા શૌચવિધિ કરવી એ અંગેના આરોગ્ય સંબંધી પણ વાતો કરવાનું શ્રીજી મહારાજ ચૂકતા નથી.

"શિક્ષાપત્રીની વાતો પ્રમાણે તમામ નાગરિકો વર્તે તો ભારતની રાષ્ટ્રીય સમસ્યાઓનો અંત આવી જાય."

"શિક્ષાપત્રીએ સંગ શુધ્ધિ, આચાર શુધ્ધિ, વ્યવહાર શુધ્ધિ, આહાર શુધ્ધિ, વસ્ત્ર શુધ્ધિ, વિચાર શુધ્ધિ અને આત્મ શુધ્ધિનો અદ્‌ભુત ગ્રંથ છે." - કિશોરલાલ મશરૂવાળા

જીવના અનાદિ અજ્ઞાનનો ઉચ્છેદ થાય તો જ મુક્તિ શક્ય છે. આ અનાદિ અજ્ઞાનને એ જ માયા, સ્વભાવ કે વાસના છે. સાદા શબ્દોમાં આ માયાની વ્યખ્યા મહારાજે આ રીતે કરી : 'હું' અને 'મારું'.

આ અહંમમત્વ એક જ ઝાટકે છૂટે એવા નથી. તેથી શ્રીજી મહારાજે ચાર અંગવાળા એકાંતિક ધર્મનું સ્થાપન કર્યુ. જેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મય યુક્ત ભક્તિ ચાર પાંખ બનાવી.

આ ચાર અંગમાં ધર્મ અટલે નાની-મોટી આચારસંહિતાઓ આજ્ઞાઓ.

સંસારમાં ગૃહસ્થાશ્રમમાં રહીને નાની-મોટી, લૌકિક, આર્થિક કે સામાજિક વ્યવહારોની શુદ્ધિ ન હોય તો ભજન સ્મરણમા અચૂક વિક્ષેપ આવે. એમાં કેટલાક દેહના વ્યવહાર છે, કેટલાક વાણીના છે, કેટલાક વિચાર સંબંધી વ્યવહારો છે.

૭ લાખનું દેવું થઈ ગયું હોય ને લેણિયા તો રોજ લોહી પીતા હોય, ધમકી આપતા હોય, તે વખતે પૂજા કે ભજનમાં મન રહે?

આ લોકમાં કુશળતાપૂર્વક જીવન વ્યતીત થાય અને સુખેથી સેવા-ભજન થઈ શકે તે માટે શ્રીજી મહારાજે એક અદ્‌ભુત અંજનશલાકા (પ્રકાશ પાથરનારી સળી) આપી, જેનું નામ છે શિક્ષાપત્રી.

સ.ગુ. ગોપાળાનંદસ્વામી કહેતા :

કોઈનાય વાંકમાં ન આવીએ એ માટે શિક્ષાપત્રી પાળવી.

દેહમાં, ઘરમાં, ધંધામાં, નોકરીમાં, ખેતીમાં, સમાજમાં, સેવામાં, સીમમાં, સત્સંગમાં કે અંતરમાં ક્યાં, કોણે, કેવી રીતે વર્તવું તેનો સ્પષ્ટ નિર્દેશ શિક્ષાપત્રીમાં છે.

ગમે તે સમયે, ગમે તે સ્થળે, ગમે તેની સાથે કંઈ વિક્ષેપ ઊભો થાય, તો તેનું મૂળ કારણ શિક્ષાપત્રીના૨૧૨ શ્લોકોમાંથી અવશ્ય મળી આવશે. જો પ્રામાણિકપણે તપાસ કરવામાં આવે તો.

દા.ત. દેવું થઈ ગયું કે ઘરમાં આર્થિક તંગી દર મહિને પડે છે.. તો શિક્ષાપત્રીની આ બે આજ્ઞા સારધાર પળાય છે કે નહિ તેની તપાસ કરો.

૧. જેટલી આવક તેટલો જ ખર્ચ કરવો.

૨. આવક અને ખર્ચનું રોજ રૂડા અક્ષરે નામું લખવું.

આપણને થાય આમાં વળી શું ? પણ છ મહિના સુધી આ આજ્ઞા પળાય તો પછી જુઓ ચમત્કાર !

આ શિક્ષાપત્રી લખ્યા પછી પંદરમાં દિવસે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના મહિમાને આ રીતે વર્ણવ્યો.

અમારી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્ય કરવો અને જેને વાંચતા ન આવડતું હોય તેણે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો નિત્ય યોગ ન હોય તેણે નિત્ય શિક્ષાપત્રીની પૂજા કરવી. એવી રીતે જે અમે શિક્ષાપત્રીમાં લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેણે એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે.

એવી રીતની જે શ્રીજી મહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ એ સર્વેએ ધાર્યો કે હે મહારાજ, જેમ તમે કહો છો તેમજ અમે સર્વે પાળશું તેને સાંભળીને શ્રીજી મહારાજ અતિ પ્રસન્ન થઈને સર્વ સાધુને અને બ્રહ્મચારીને મળતા હતા અને સર્વે સત્સંગીના હૃદયને વિશે પોતાના ચરણાવિંદ આપતા હતા.

(વચનામૃત : ગ.અં. - ૧૧)

હવે વિચારવાનું એ કે માત્ર શિક્ષાપત્રીનો પાઠ કરવાની તૈયારી બતાવી એમાં શ્રીજી મહારાજ કેટલા રાજી થઈ ગયા. બધા સંતો-બ્રહ્મચારીને મળ્યા એટલે બાથમાં લઈને ભેટ્યા. અને હરિભક્તોને પોતાની અંતિમ ચરણ પ્રસન્નતાની નિશાની જેવા છાતીમાં ચરણાવિંદ આપ્યા.

આનું એક જ કારણ છે.

શ્રીજી મહારાજનું સ્પષ્ટ દર્શન છે કે આ શિક્ષાપત્રી જ મારા ભક્તનો આલોક અને પરલોકના પરમ સુખ તરફ ગતિ કરાવશે જો યથાર્થ પાળશે તો.

હવે સો ટનનો પ્રશ્ન : આ શિક્ષાપત્રીનો પાઠ રોજ કરવા છતાં હરિભક્તોને દુઃખ કેમ આવે છે ?

માત્ર પાઠથી કામ સરતું નથી. શિક્ષાપત્રીના વાંચન અને વાતનું અનુસંધાન સતત રહે તો શિક્ષાપત્રી ફળે.

૧.આ વાત મહારાજે મારા માટે લખી છે.

૨. દરેક શ્લોક વાંચતી વેળાએ આ બે ધ્યેય મંત્રોનો ઉચ્ચાર :

- શું આ મને લાગુ પડે છે ?

- શું આ મુજબ હું વર્તું છું ?

માત્ર શિક્ષાપત્રી વાંચવાથી નહીં, પરંતુ તે મુજબ વર્તવાથી મહારાજનું વરદાન સાચું થાય છે.

દા.ત. ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવું. આ આજ્ઞા વાંચ્યા પછી તરત જ વિચારવું પડે કે મારા ઘરે નળને ગરણું કે ફીલ્ટર છે ? ન હોય તો મહારાજથી છૂટા પડી જશું.

"મારી વાણી એ મારું સ્વરૂપ છે." એવું શિક્ષાપત્રી માટે લખીને શ્રીજી મહારાજે પ્રત્યેક શબ્દમાં પોતાના જેટલી સામર્થી મૂકી છે.

શિક્ષાપત્રી જયંતીએ આ વાત દૃઢ થાય તો જયંતીની ઉજવણી સાચી.


## ધર્મ સંદેશના ગ્રાહક શુલ્ક

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર તા. ૨૦ સુધીમાં મોકલવા તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજીનું જીવન કવન

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

કચ્છ ભૂમિ શૂરવીરો, દાતાઓ, સંતો અને ભક્તોની ધીંગી ધરા છે. કચ્છના વાગડ વિસ્તારના ભીમાસર ભુટકીયાના સોની ડાહ્યાભાઈ ડુંગરસિંહના ધ.પ. ભચીબાઈની કુખે વિ.સં. ૧૯૯૨ મહા વદ-૬ તા. ૧૩-૨-૧૯૩૬ના પુત્રરત્ન પ્રાપ્ત થયો. આ સોની પરિવારના અહોભાગ્ય કે એ પરિવારમાં કુળ, ગામ અને સંપ્રદાયનું નામ રોશન કરનાર પવિત્ર આત્માએ દેહધારણ કરી માનવ યોનિમાં જન્મ લીધો. બાળપણથી જ તેમની તેજસ્વીતા અને પ્રભુપરાયણતાના ગુણો પ્રકાશમાં આવ્યા. ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ દરમ્યાન કવિતા તરફ વિશેષ રુચિ ધરાવતા આ બાળકને માતાજીના ગરબા અને ભજન-કીર્તનમાં ગવાતા પરમાત્માના ગુણગાન તરફ વિશેષ આકર્ષણ હતું. પરિણામ સ્વરૂપ બાળપણથી જ કાવ્યની રચનાઓ કરતા હતા.સંસારની નશ્વર બાબતો કરતાં ઈશ્વરના ગુણગાન કરી પ્રભુભક્તિમાં મસ્ત અને વ્યસ્ત રહેતા આ સોની કુળ દીપકે વિ.સં. ૨૦૦૯, કારતક વદ અમાસ, તા. ૧૭-૧૧-૧૯૫૨ના રોજ કુટુંબ પરિવારથી અલિપ્ત થઈ, સંસારના મોહ માયાનો ત્યાગ કરી, પોતાનું જીવન શ્રીજી મહારાજના ચરણોમાં અર્પણ કરી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાં સંતોનાં સાંનિધ્યમાં મંદિરના વિવિધ વિભાગો, વાડી, ગૌશાળામાં અવિરત સેવા કરતા અને સંતોનો રાજીપો મેળવતા. ૧૭ વર્ષની વયે વિ.સં. ૨૦૦૯ કારતક વદ-૩૦ના તત્કાલીન મહંત સ્વામીની આજ્ઞાથી આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદસજીના હસ્તે દીક્ષા લઈ સંત થયા, અને સ્વામી હરિનારાયણદાસજી નામાભિધાન થયું.

એક સંતને છાજે એવી સાદગી, સદાચાર, શાલીનતા, સહિષ્ણુતા અને સમર્પિત શ્રીજી સેવકના તમામ ગુણો એમના આચાર-વિચાર-વ્યવહાર-વર્તનમાં સહજ રીતે દશ્યમાન થયા હતા. હૃદયના ભાવ જ્યારે નિખાલસ અને સ્વાર્થરહિત હોય ત્યારે કાવ્ય સ્વરૂપે પ્રદર્શિત થતા હોય છે. સ્વામી હરિનારાયણદાસજી પર સરસ્વતીની પણ કૃપા હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યાં જ્યાં વિચર્યા હોય ત્યાંની યાત્રાએ જાય ત્યારે સ્વામી ત્યંની સ્મૃતિ થતી રહે એવા હેતુથી કાવ્યો રચતા. ગામોમાં પ્રતિષ્ઠા, મહોત્સવો થતા ત્યારે પણ સ્વામી તે ગામની લીલાને આવરી કાવ્યો રચતા આવા શ્રીહરિનો મહિમા ગાતા સંખ્યાબંધ કીર્તનો રચી એમણે સંપ્રદાયને અનમોલ સાહિત્યની ભેટ આપી છે. કીર્તનો અને ભજનની રચનાઓ કરતા હોવાને કારણે તેઓ ‘કવિ’ સ્વામી તરીકે ચાહના મેળવી સંતો અને હરિભક્તોમાં ઊંચેરું સ્થાન ધરાવતા હતા.

૮૨ વર્ષની ઉંમરે તા. ૧૩-૧૨-૨૦૧૮ના રોજ ગુરુવારે વહેલી સવારે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતાં કરતાં નશ્વર દેહનો ત્યાગ કરી શ્રીજી મહારાજની અખંડ સેવામાં અક્ષરધામ સીધાવ્યા.

**“શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ”**

નું લવાજમની રકમ ઓનલાઈન બેન્કમાં જમા કરાવી શકો છો.

**બેન્ક ખાતાની વિગત :** બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ

**IFSC Code : BKID0003800**

**ખાતાનું નામ :** ‘‘શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ’’

**ખાતા નં. :** ૩૮૦૦૧૦૧૦૦૦૦૭૮૨૮

**નોંધ :** નાણા ભર્યા બાદ બેન્ક સ્લીપની ઝેરોક્ષ અને નાણા ભર્યા અંગેની વિગત કાર્યાલયને મોકલવી.

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવં નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

| | |
|---|---|
| **પોથીયાત્રા** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૭, શુક્રવાર, તા. ૧૨-૪-૨૦૧૯, સાંજે ૪:૦૦ વાગ્યે |
| **કથા પ્રારંભ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૮, શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૯ |
| **રામ જન્મોત્સવ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૯ (રામ નવમી), રવિવાર, તા. ૧૪-૪-૨૦૧૯ |
| **કૃષ્ણ જન્મોત્સવ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૧૦, સોમવાર, તા. ૧૫-૪-૨૦૧૯ |
| **રૂક્ષ્મણી વિવાહ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૧૪, ગુરુવાર, તા. ૧૮-૪-૨૦૧૯ |
| **કથા વિરામ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૧૫, શુક્રવાર, તા. ૧૯-૪-૨૦૧૯ સાંજે ૭:૦૦ વાગ્યે |
| **નારાયણ યજ્ઞ** | : સં. ૨૦૭૫, ચૈત્ર વદ ૧, શનિવાર, તા. ૨૦-૪-૨૦૧૯, સવારે ૬:૩૦ |

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૧૩–૪–૨૦૧૯ થી તા. ૧૯–૪–૨૦૧૯ સુધી સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી–હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :** શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.
ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.

# સત્સંગ સમાચાર દેશ

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજ : ૫૫ મો વાર્ષિક ઉત્સવ ૨૦૧૮-૨૦૧૯

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજનો વર્ષ ૨૦૧૮-૨૦૧૯નો વાર્ષિક ઉત્સવ વિદ્યા સંકુલના શા. સ્વામી હરિવલ્લભદાસજી તથા સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજીની ઉપસ્થિતિમાં તા. ૨૭-૧૨-૨૦૧૮ ગુરુવારના રોજ યોજાયેલ હતો.

પધારેલા સંતો તથા ટ્રસ્ટીઓનું સ્વાગત કરતાં શાળાના આચાર્યશ્રી ત્રિકમભાઈ છાંગાએ જેમાંથી વ્યક્તિત્વનું ઘડતર થાય તથા વિદ્યાર્થી કેળવાય તે શિક્ષણ, તેવું જણાવીને સર્વાંગી વિકાસ માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો.

શા. સ્વામી હરિવલ્લભદાસજીએ અગ્નિની જ્યોત સતત ઉપર રહે છે તેમ વિદ્યાર્થીઓ પણ ઉર્ધ્વ ગતિ કરતા રહેવું જોઈએ તેવી શીખ આપી. આ વાર્ષિક ઉત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

કેળવણી મંડળના મંત્રીશ્રી જગદીશભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા આવા ઉત્સવો શક્તિ ખીલવવા માટે સ્ટેજ પૂરું પાડે છે તેવું જણાવ્યું હતું.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ નૃત્ય, નાટ્યાંશ, ગીત, માઈમ વગેરે કૃત્તિઓ રજૂ કરીને શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. શાળાની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સિદ્ધિ પ્રાપ્ત કરનારને પણ સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કેળવણી મંડળના પ્રમુખશ્રી કે.કે. હિરાણી, ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ શિયાણી, સહમંત્રીશ્રી લક્ષ્મણભાઈ હિરાણી, ટ્રસ્ટીશ્રી જનકભાઈ ભટ્ટ, ટીનેશભાઈ ગોર, મનનભાઈ ઠક્કર, કરસનભાઈ હાલાઈ તથા દેવજીભાઈ હિરાણી ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યકર્મનું સંચાલન શિક્ષક હિતેશભાઈ વ્યાસે તથા આભારવિધિ શિક્ષક કિશોરભાઈ હેડાઉએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શિક્ષક દિલીપભાઈ ભટ્ટ તથા કાંતિલાલ કોઠડિયાએ કર્યું હતું. કૃતિઓના માર્ગદર્શક તરીકે દીનાબેન જોબનપુત્રા, સંધ્યાબેન ગોર, દિપિકાબેન જોષી તથા વિધિબેન કેસરીયા તથા જયદિપભાઈ વાઘેલા રહ્યા હતા. કમલેશભાઈ લીયા, ચેતનભાઈ લાખાણી, શૈલેષભાઈ જોષી, સહદેશસિંહ જાડેજા તથા સમગ્ર શાળા પરિવારે સહયોગ આપ્યો હતો.

★★★★★★★★★★★★★★★★★★★

## ત્રિ-દિનાત્મક ભવ્ય પંચમ્ પાટોત્સવ - ઈન્દૌર (મ.પ્ર.)

ભુજધામ સંચાલિત "શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન-ઈન્દૌર" ખાતે મંદિરમાં બિરાજતાં શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ દેવોનો પાંચમો ત્રિ-દિનાત્મક વાર્ષિક પાટોત્સવ તા. ૨૭,૨૮,૨૯-૧૨-૨૦૧૮ સુધી ધામધૂમથી ભવ્યતાથી ઉજવવામાં આવ્યો.

જેમાં ખાસ લાભ આપવા માટે ભુજધામથી પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિકિશોરદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી સંતજીવનદાસજી, શા. સ્વામી

ઘનશ્યામપ્રસાદદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી અક્ષરુપુરુષદાસજી, પાર્ષદ વિમલ ભગત, પાર્ષદ પ્રવિણ ભગત આદિ સંતમંડળે પધારી ઉત્સવને દિપાવ્યો હતો.

ત્રિ-દિનાત્મક ઉત્સવ દરમ્યાન બ્રહ્માનંદ સ્વામી રચિત "શ્રી પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળા" ગ્રંથની પારાયણ યોજવામાં આવી હતી. જેમાં વ્યાસાસને પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તેમજ પુ. સ્વામી ભક્તવત્સલદાસજીએ પોતાની સુમધુર વાણીથી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. ઉત્સવ દરમ્યાન ત્રણેય દિવસ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પારાયણના મુખ્ય યજમાનપદે પ.ભ. ચંદુભાઈ રામજીભાઈ ભાવાણી તથા મણીલાલ રામજીભાઈ ભાવાણી પરિવારે લાભ લીધો હતો તથા મહાપ્રસાદના યજમાનપદે પ.ભ. નારાયણ હરજીભાઈ ભાવાણી તેમજ પ.ભ. કુંજબિહારી અગ્રવાલ, વીરજીભાઈ શામજીભાઈ ભાવાણી તથા પ.ભ. શામજીભાઈ રામજીભાઈ ગોગારીના સુપુત્રોએ લાભ લીધો હતો.

- મંત્રીશ્રી વીરજીભાઈ શામજીભાઈ ભાવાણી, ઈન્દૌર

★★★★★★★★★★★★★★★★★★★★

## વચનામૃતની ૧૯૯મી જયંતીની ઉજવણી : વલસાડ

કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, વલસાડ દ્વારા તા. ૧૧-૧૨-૨૦૧૮, મંગળવારના રોજ ગ્રંથરાજ વચનામૃતની ૧૯૯મી જંયતીનું ભક્તિભાવ પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વચનામૃત જયંતીના ઉપલક્ષમાં વચનામૃતનું સમૂહ વાંચન કરવામાં આવ્યુ હતું. સમૂહ વાંચનમાં સર્વે હરિભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાંચન દ્વારા વચનામૃતની એક પારાયણ સંપન્ન કરવામાં આવી હતી. સમૂહ વાંચન કર્યા બાદ ગ્રંથરાજ વચનામૃતનું જનમંગલ નામાવલિ દ્વારા અક્ષત વડે પૂજન કરવામાં આવ્યું હતું. આ સમયે સમગ્ર વાતાવરણમાં વૈદિક દિવ્યતા પ્રસરી હતી. ત્યારબાદ સમાજના વડીલો દ્વારા ગ્રંથરાજ વચનામૃત તથા ઠાકોરજીની સમૂહ આરતી કરવામાં આવી હતી. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, વલસાડના સંચાલક જય શિવજીભાઈ ચૌહાણ દ્વારા વચનામૃત જયંતીના અનુલક્ષમાં વચનામૃતનો મહિમા, વાંચનની પદ્ધતિ તથા વાંચન દ્વારા જીવને કેવી રીતે બળ મળે જેનાથી શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરાય એવી અર્થસભર વાતો કરી. આજના દિવસે હરિભક્તોના શુભ ફળ તથા શુભ સંકલ્પ તેને શ્રીહરિના ચરણોમાં સમર્પિત કર્યો. અંતમાં સર્વે હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આવી રીતે શ્રીહરિની પરાવાણી વચનામૃત જંયતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

★★★★★★★★★★★★★★★★★★★★

## ધનુર્માસની ઉજવણી : સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે ધનુર્માસ દરમ્યાન ૧ મહિનો વહેલી સવારે મંગળા આરતીબાદ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારમાં વડીલો, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, બાળકો મંદિરમાં આવી વાજિંત્રોના નાદ સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, કીર્તનોની સાથે રોજ રમઝટ બોલવવામાં આવતી. યજમાનશ્રીઓ દ્વારા દરરોજ ધૂનબાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવતું. બહેનોના મંદિરમાં પણ સાં.યો. બહેનો તેમજ ગૃહસ્થ બહેનો તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની બહેનો, તેમજ બાલિક મંડળ દ્વારા ધૂનની રમઝટ બોલવામાં આવતી હતી. સુખપર મંદિરમાં વિચરણ કરતું સ.ગુ.

સ્વામી હરિબળદાસજીના મંડળના સંતો પધારી હરિભક્તોને કથાવાર્તા તેમજ સવારે ધૂનનો લાભ આપ્યો હતો. બહોળી સંખ્યામાં સૌ હરિભક્તો ભાઈઓ-બહેનો ૧ મહિના સુધી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, કીર્તન, ભજન કરી પુણ્યનું ભાથું એકઠું કર્યું હતું. સૌ આનંદ વિભોર થઈ સૌ ધૂનમાં જોડાતા.

– કિશોર આર. પિંડોરીયા, સુખપર

★★★★★★★★★★★★★★★★★

## ભુજ મંદિર : ધાબળા વિતરણ

'માનવસેવા એજ પ્રભુસેવા'ને કેન્દ્રમાં રાખીને શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા અનેકવિધ સેવાકાર્યો અવિરત ચાલતા આવ્યા છે. ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સંપૂર્ણ યોગદાનથી સ્વામી ભક્તિચરણદાસજીના નેતૃત્વ હેઠળ માંડવી તેમજ માંડવી તાલુકાના અનેક ગામ તેમજ કચ્છના અન્ય વિસ્તારોમાં પણ કડકડતી ઠંડીમાં થરથર ધ્રૂજતા અને ઠંડી સહન ન કરી શકતા લગભગ ૫૦૦ જેટલા પરિવારોમાં ગરમ ધાબળા અને બાળકો માટે ગરમ જેકેટ(બંડી)નું તેમજ પ્રસાદનું વિતરણ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા ચાલુ વર્ષે કરવામાં આવેલ છે. જરિયાતમંદ લોકોને ધાબળા અને બંડી વિતરણના કાર્યમાં સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા સ્વામી જગતવિહારીદાસજી તેમજ પ.ભ. રામજીભાઈ દબાસીયા અને ગામ ડોણના પ.ભ. રમેશભાઈ વાલજી આદિનો સહયોગ રહ્યો હતો. માનવસેવાનું કાર્ય કરી શ્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

★★★★★★★★★★★★★★★★★

## પંચદશાબ્દી મહોત્સવ : કોડાય

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી, ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત



સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ આયોજિત ગૌ લાભાર્થે તા. ૨-૧-૨૦૧૯ થી તા. ૬-૧-૨૦૧૯ સુધી કોડાય મધ્યે ગૌશાળાનો પંચદશાબ્દી મહોત્સવ સંતો, હરિભક્તો અને સાં.યો. બહેનોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ ગયો.

સ.ગુ. પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો અને યજમાનો દ્વારા કરવામાં આવેલ દીપ પ્રાગટ્ય સાથે મહોત્સવનો મંગલ પ્રારંભ થયો હતો. ભુજ



મંદિરના કોઠારી સ્વામીના મંગલ ઉદ્‌બોધન અને આશીર્વાદ સાથે પ્રસંગનો પરિચય પ્રાપ્ત થયો અને ગૌ માતાના ઋણની સાચી સમજ પ્રસ્તુત થઈ.

મહોત્સવના મુખ્ય યજમાનપદે શ્રીજી મહારાજને સંપૂર્ણ સમર્પિત અને નામ કરરતાં કામને પ્રાધાન્ય આપતા માંડવીના એક એક હરિભક્ત રહ્યા હતા અને પ્રભુની પ્રસન્નતા અને સંતોનો રાજીપો જ મુખ્ય વાત છે એવું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડી પોતાના નામ ગોપનીય રાખ્યા હતા. સહયજમાનપદે રામપરના પ.ભ. જાદવજીભાઈ કાનજી સહપરિવાર રહ્યા હતા.

વ્યાસાસને બિરાજમાન થઈ કથા પારાયણના વિદ્વાન વક્તા શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી (સંચાલક - કોડાય ગુરુકુળ), શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી (કોઠારી માંડવી મંદિર) તથા જેમની વાણીમાં સરસ્વતીનો વાસ છે તે શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સદૃષ્ટાંત પ્રસંગોચિત્ત છણાવટ સાથે મનનીય, સચોટ દૃઢતા લાવી હતી. શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ અંતર્ગત ગૌ આખ્યાનની પસંદગી પ્રસંગોચિત પારાયણ થઈ તેની પ્રતીતિ કરાવી ગૌ માતાનો મહિમા ગાયો હતો. યજમાનો તથા દાતાઓને યથોચિત્ત પહેરામણી સાથે સન્માનિત કરાયા હતા.

કથા પારાયણના મુખ્ય યજમાન અ.નિ. કાનબાઈ મેઘજી નારણ પિંડોરીયા હ. વીરજીભાઈ મેઘજી



પિંડોરીયા, સુત હરેશ સહપરિવાર, માંડવી હાલે નાઈરોબી તથા સહયજમાન નવીનભાઈ હીરજી રાબડીયા ધ.પ. રસીલાબેન તથા સુપુત્રી અંજલી, સરલી હાલે નાઈરોબી રહ્યા હતા. સંહિતાપાઠમાં સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી ગોવિંદપ્રસાદદાસજી, સ્વામી જગતવિહારીદાસજી, સ્વામી વેદસ્વરૂપદાસજી તથા સ્વામી નીલકંઠજીવનદાસજી બેઠા હતા. આ અવસરે શ્રીરુદ્રયાગ, શ્રીવિષ્ણુયાગ, શ્રીમારૂતિયાગનું આયોજન પણ કરાયું હતું.

મહોત્સવ યાગના આચાર્યશ્રી પ્રભુભાઈ ત્રિવેદી રહ્યા હતા. જ્યારે સભાસંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળ્યું હતું. દરરોજ ભોજનપ્રસાદની વ્યવસ્થા સારી રીતે કરવામાં આવી હતી. ઉત્સવમાં શા. સ્વામી પ્રભુજીવનદાસજી, પુ.સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, સ્વામી જયકૃષ્ણદાસજી, સ્વામી હરિકેશવદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી આદિ સંતો, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો, હરિભક્તો અને વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સહયોગ સાંપડ્યો હતો. યજમાન તરીકે વીરજીભાઈ મેઘજી પિંડોરીયા, ધનજીભાઈ કરસન વરસાણી, ખીમજીભાઈ શીવજી ભુડીયા, નવીન વીરજી રાબડીયા આદિ તથા ગુરુકુળ તેમજ ગૌશાળાના ટ્રસ્ટીઓ ગાયો માટે દાનની મોટી રકમ જાહેર કરી હતી.

- સંચાલક શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી,
કોડાય ગુરુકુળ

★★★★★★★★★★★★★★★★

## ધનુર્માસ ઉજવણી : ભુજ

પુણ્યનું અમૂલ્ય ભાથું બાંધી લેવા માટે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ ધામમાં ધનુર્માસ અતિ ઉમંગભેર ઉજવાયો. બહોળી સંખ્યામાં હરિભક્તો

નરનારીઓ, અબાલવૃદ્ધ સૌ વહેલી સવારે ભક્તિરસમાં તરબોળ થવા ધૂનમાં હાજર થઈ જતાં. નિજાનંદમાં સમૂહમાં સૌ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલતાં શ્રીહરિમય બની જતાં. સમગ્ર માસમાં ત્રણેક હાજર જેટલા હરિભક્તો ધૂનના યજમાન બની સંસાર સાગર તરી જવા તત્પર થયા. પ્રત્યેક દિવસે જુદી જુદી વાનગીઓના પ્રસાદનું વિતરણ થતું. દાતાઓને સન્માનવા તેમને ભેટનું વિતરણ થયું. ધૂનના દાતાઓ હારારોપણ અને દિવ્યભેટ સોગાદ પામીને અવિસ્મરણીય આશીર્વાદનું ભાથું બાંધી લેતા હતા.

ભક્તોના દિવ્યભાવમાં સંતોનો દિવ્યભાવ ભળતાં સોનામાં સુગંધ જાણે ભળી હોય ! સંતો નિજાનંદમાં પોતાની ભક્તિ તો કરતા જ હોય પણ હરિભક્તોના ભક્તિરસમાં વિકાસ અર્થે તેમની સાથે ધૂનમાં હાજર રહીને પોતાની દિવ્યતાનો લાભ હાજર સૌ હરિભક્તોને આપતા અને પુણ્યસલિલા ધૂનમાં સૌ તન્મય બની જતા. સાજીંદાઓ વાજિંત્રોના લયબદ્ધ તાન સાથે ધૂનને દિવ્યાતિદિવ્ય બનાવતા.

ધનુર્માસ દરમ્યાન તલચુરમાના લાડુ, અડદીયા લાડુ, માખણ દહીં, શેકેલા વૈંતાક, ખીચડી, મૂળા વગેરેના નૈવેધ પ્રાણ પ્યારા શ્રીહરિને ધરાવવામાં આવતા પ્રત્યેક દિને.

ભક્તિમાં દૃઢતા લાવતા આ માસમાં દાન-પુણ્યનો વિશેષ મહિમા રહ્યો છે. સંત સાંનિધ્યે દાન-પ્રવાહ વહેવડાવીને પણ હરિભક્તો ધન્ય થયા હતા.

★★★★★★★★★★★★★★★★★

## ગૌલાભાર્થે પંચાહ્ન પારાયણ : માંડવી

માંડવી શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ એવમ બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજના દિવ્ય સાંનિધ્યમાં તા.૧૯-૧૨-૨૦૧૮ થી તા. ૨૩-૧૨-૨૦૧ સુધી ગૌલાભાર્થે શ્રીપુરૂષોત્તમપ્રકાશ પંચાહ્ન પારાયણ મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો.

મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ.પુ. સ્વામી માધવપ્રસાદદાસજી, શા. સ્વામી સુર્યપ્રકાશદાસજી તથા યશસ્વી યજમાન પ.ભ. વીરજીભાઈ મેઘજી પિંડોરીયા ધ.પ. મેઘબાઈ, સુપુત્ર હરેશભાઈ આદિ સહપરિવાર તેમજ ધામોધામથી પધારેલા સંતો - ભક્તોની બહોળી સંખ્યામાં ઉપસ્થિતિથી ઉત્સવનો અણમોલ આનંદ સર્વત્ર છવાયેલો હતો.

મહોત્સવના પાંચેય દિવસ શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી, શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, તથા શા. સ્વામી શૌનકમુનિદાસજીએ પોતાની સરળ શૈલીમાં ભક્તોને કથામૃતનું પાન કરાવ્યુ હતું. મહોત્સવના પાંચેય દિવસ કથા દરમ્યાન આવતા ભગવદ્ ચરિત્રો તથા રાત્રિ કાર્યક્રમો ખુબજ ધામધુમથી ઉજવાયા. તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ પોથીયાત્રાથી ઉત્સવનો પ્રારંભ થયો. જેના પ્રથમ દિવસે તા. ૧૯-૧૨-૨૦૧૮ના સંતો તથા યજનામશ્રીઓના વરદ્‌હસ્તે દીપપ્રાગટ્યથી ઉત્સવનો શુભારંભ થયો હતો. આ દિવસે સંગીતના સથવારે શ્રીઘનશ્યામ પ્રાગટ્યોત્સવ ઉજવાયો હતો. ગુરૂકુળના વિદ્યાર્થી ઓએ નૃત્ય કર્યું હતું. સંતો તથા યજમાન પરિવાર દ્વારા બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજ ઉપર પુષ્પવૃષ્ટિ કરી પરમાત્માને આવકાર્યા હતા. તેજ દિવસના દ્વિતીય સત્રમાં ભવ્ય મહાઆરતી કરી ભક્તો ધન્ય બન્યા હતા. તા. ૨૦-૧૨-૨૦૧૮ના દિવસે શ્રીસ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ ખુબ ધામધૂમથી ઉજવાયો હતો. સંગીતના સથવારે એકતાન બની સ્વમિનારાયણનું નામ સભામંડપમાં ગૂંજતું કર્યુ હતું. તા. ૨૧-૧૨-૨૦૧૮ના

રોજ ઓરકેસ્ટ્રા અને સંગીતના સથવારે ભવ્ય રાસોત્સવ ઉજવાયો હતો. સંતો - ભક્તો એકતાન થઈ ખુબ જ રાસ રમી પ્રભુને પ્રસન્ન કર્યા હતા.

તા. ૨૨-૧૨-૨૦૧૮ના રોજ ભવ્યાતિભવ્ય કરાયેલા સુંદર હિંડોળામાં પ્રભુને પધરાવી સંતો-ભક્તોએ પ્રેમથી ઝુલાવ્યા હતા. પ્રભુ ઉપર પુષ્પવૃષ્ટિ કરી સૌ ધન્ય બન્યા હતા.

તા. ૨૩-૧૨-૨૦૧૮ના શ્રીઠાકોરજીની ભવ્ય નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. બેન્ડપાર્ટી અને પારંપરિક વાજીંત્રો વગાડી મંડળીવાળા ભક્તો તથા ધામોધામથી પધારેલ ભક્તોએ મન મુકીને નૃત્ય કરી પ્રભુનો રાજીપો મેળવ્યો હતો.

ઉત્સવ અંતર્ગત શ્રીહરિકૃષ્ણ મહારાજની સુવર્ણતુલા કરી સહભાગી બનેલા યજમાન પરિવારે પોતાના અર્થોપાર્જનની સાર્થકતા સિદ્ધ કરી હતી.

આ પ્રસંગે અમદાવાદ, મુળી, જેતલપુર, વડતાલ, જુનાગઢ, ધોલેરા આદિ ધામોધામથી વિદ્વાન સંતોએ પધારી આર્શીવચન તેમજ દર્શનનો લાભ આપ્યો હતો.

કચ્છ પ્રાંતના સમસ્ત સાં.યો. બહેનોના ગુરુ એવા પૂ. ગાદીવાળાની ઉપસ્થિતિથી સર્વે બહેનો કૃતાર્થ થયા હતા. ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ સહિત ધામોધામથી સાં.યો. બહેનોએ પધારી દર્શનનો દિવ્ય લાભ આપ્યો હતો.

ભુજ શ્રી નરનારાયણદેવ તાબા હેઠળથી ચાલતા શૈક્ષણિક, સામાજીક, ગૌશાળા આદિ સ્થળોથી સંતો પધાર્યા હતા. જ્યારે સમસ્ત કચ્છ અને ધામેધામથી ભક્તો પધારી ઉત્સવમાં સહભાગી બની ધન્ય થયા હતા.

મહોત્સવના પાંચેય દિવસ મહાપ્રસાદ ગ્રહણ કરી ભક્તો ધન્ય બન્યા હતા. ઉત્સવમાં આવેલ તમામ આવક ગૌસેવાના લાભાર્થે ખર્ચ કરાશે એવી ભાવનાથી સૌ-ભક્તોનો આનંદ બેવડાયો હતો.

આ ઉત્સવને સફળ બનાવવા રસોડા વિભાગ, લાઈટ વિભાગ, પાણી વિભાગ, ફુલહાર વિભાગ વગેરે જેવા અનેક નાનામોટા વિભાગોમાં જોડાઈ સેવાદાન ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતુ. મંડળના સંતો તથા સાંખ્યયોગી બહેનો તથા કર્મયોગી બહેનોએ ઉત્સવને સફળ બનાવવા ખુબ સેવા કરી હતી.

ઉત્સવના અંતિમદિને યજમાન શ્રી વીરજીભાઈની ભવ્ય ઉત્સવની લાગણીઓને શાસ્ત્રી સ્વામી કૃષ્ણજીવનદાસજીએ વાચા આપી બિરદાવી હતી.

પુ.સ્વામી ઉત્તમચરણદાસજી તથા શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સંચાલન કર્યુ હતું. ઉત્સવના પાંચેય દિવસના દિવ્ય સંસ્મરણો ભક્તોના કાળજામાં આજીવન કંડારાયેલ રહેશે...

- કો.શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી

★★★★★★★★★★★★★★★★★★

## ધનુર્માસ :
## શ્રી સ્વામિનારાયણ મંદિર - માંડવી

માંડવી શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ એવમ્ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યમ મહારાજના પવિત્ર સાનિધ્યમાં દિવ્ય-ભવ્ય ધનુર્માસ સંપન્ન થયો.

मासानां मार्गशीर्षोऽहम् — માસોમાં હું ધનુર્માસ(માગશર માસ) ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં કહી ધનુર્માસનો મહિમા વર્ણવ્યો છે. 'સ્વામિનારાયણ' મહામંત્રની પ્રાપ્તિ પણ ધનુર્માસમાં આપણને થયેલી છે. આ રીતે ધનુર્માસનું માહત્મ્ય વિશેષ રીતે શાસ્ત્રોમાં કહેલું છે. ધનુર્માસમાં વ્યવહારિક કાર્યો સિવાય ભગવદ્ સંબંધ કાર્ય કરી અનેક-ગણું ફળ પ્રપ્ત કરી પરમાત્માનો રાજીપો મેળવી શકાય છે. જે અંતર્ગત સદ્. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી,

શા. સ્વામી સુર્યપ્રકાશદાસજી તથા મહંત સાં.યો. રતનબાઈ ફઈ ઉપમહંત સાં.યો. કાનબાઈ ફઈ, સાં.યો. મોટા મેઘબાઈ ફઈ, સાં.યો. નાના મેઘબાઈ ફઈના આશીર્વાદથી દિવ્ય ધનુર્માસ સંપન્ન થયો.

પ્રતિદિન સંગીતના સુરોના સથવારે સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં દિવ્ય 'સ્વામિનારાયણ' મહામંત્રની ધુનના નાદથી પવિત્ર થયેલા વાતાવરણમાં સંતોના આશીર્વચનથી સૌ ભક્તો પાવન થતા. પરમાત્માના વિદ્યા મેળવવાના આ પવિત્ર ધનુર્માસમાં અવનવા સુશોભિત શણગારોથી સજ્જ ભગવદ્ સ્વરૂપોનાં દર્શન કરી સૌ ભક્તો કૃતાર્થ થતા. ધનુર્માસ અંતર્ગત આવતા વિશેષ દિનોત્સવ અંતર્ગત અવનવા ધાર્મિક ઉત્સવો ઉજવી આ ધનુર્માસને વિશેષરૂપે યાદગાર બનાવ્યો હતો. આ વિશેષ ઉત્સવો પૈકી આવનારા સમયમાં ઐતિહાસિક ક્ષણના સાક્ષીભુત થવા જઈ રહેલા શ્રી સહજાનંદ સુવર્ણ સુખશય્યા મહોત્સવના લોગાનું અનાવરણ વડીલ સંતોના વરદ્ હસ્તે કરાયું હતું તેજ દિવસે બેનરના સ્વરૂપમાં ભક્તો પોતાના હાથમાં લઈ માંડવી મંદિરથી સમુદ્ર કિનારા સુધીના માર્ગપર પ્રભાત ફેરીના સ્વરૂપમાં સ્વામિનારાયણ મહામંત્રની ધુન સાથે આવનારા આ દિવ્ય-ઉત્સવનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ધનુર્માસ અંતર્ગત વિવિધ વાનગીઓના સ્વરૂપમાં પ્રભુપ્રસાદ પ્રાપ્ત કરી ભક્તો ધન્ય થયા હતા. સામગ્ર કાર્યક્રમ સંચાલન કો.શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ કર્યુ હતું.

- કો.શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી

★★★★★★★★★★★★★★★★★

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નારણપર મધ્યે ધનુર્માસની સત્સંગમય ઉજવણી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધનુર્માસનો અનેરો મહિમા છે. આ મહિના દરમ્યાન મંદિરોમાં રોજ સવારે વહેલા સ્વામિનારાયણ મહામંત્રની ધૂન તથા કીર્તનો ગુંજી ઊઠે છે. આ મહિનામાં ગુરુ પાસેથી જ્ઞાન અને શિક્ષા મેળવવા માટેનો ખૂબ મહિમા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ આ માસ દરમ્યાન પોતાના પિતા ધર્મદેવ પાસેથી શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું હતું. નારણપર ગુરુકુળ પણ સત્સંગની આ પરંપરાને દર વર્ષે જાળવી રાખે છે.

આ વર્ષે પણ ધનુર્માસની હોંશભેર ઉજવણી સંતોના આશીર્વાદ અને પ્રેરણાથી કરવામાં આવી હતી. ગુરુકુળમાં રહેતાં લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ સવારે વહેલા ઊઠીને સંતો સાથે ભેગા મળીને આખો મહિનો ધૂન-કીર્તન કર્યા હતાં. ભગવાન પણ નાના ભૂલકાઓની આવી કીર્તન ભક્તિથી અવશ્ય રાજી થાય છે. ધૂન-કીર્તન બાદ દરરોજ સંતો આશીર્વચન આપતાં અને વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને સત્સંગની કેળવણી કરતાં. આ સમગ્ર મહિના દરમ્યાન થયેલ ઉજવણીમાં સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી અને સ્વામી દિવ્યપ્રકાશદાસજીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતાં.

- સંચાલકશ્રી

★★★★★★★★★★★★★★★★★

# સત્સંગ સમાચાર વિદેશ

## નવનિર્મિત કેરુગોયા(કેન્યા) ભુજ મંદિર તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા તથા વિષ્ણુયાગ યજ્ઞ ઉજવાયો

પૂર્વ આફ્રિકામાં આવેલ રમણીય દેશ કેન્યામાં આવેલા માઉન્ટ કેન્યાની તળેટીમાં આવેલા કેરુગોયા



ગામમાં નવનિર્મિત શ્રીસ્વામિનારાયણ મંદિરનો ભવ્ય મહોત્સવ તથા વિષ્ણુયાગ અમદાવાદ દેશ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પુણ્ય ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય અને રંગેચંગે ઉજવાયો હતો.

આજથી લગભગ બે વર્ષ પૂર્વે જ્યારે લંગાટા તાબાના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી થઈ હતી, ત્યારે જ પ.પૂ. મહંત સ્વામીની ઉપસ્થિતિમાં અમારા મંદિરનું ખાતમુહૂર્ત થયું હતું. તે સમયે હરિભક્તો મંદિર માટેની જમીન ભુજ શ્રીનરનારાયણદેવના શ્રીચરણે અર્પણ કરી હતી. ત્યારથી માંડીને મંદિરના બાંધકામના શ્રીગણેશ થઈ ગયા હતા. ગામના હરિભક્તો અને બાઈ-ભાઈઓનો અનેરો ઉત્સાહ અને પ.પૂ. સંતોનો અપૂર્વ સહકાર અને પૂજ્ય મહંત સ્વામીની દીર્ઘદષ્ટિથી સૌ હરિભક્તોએ આ નૂતન મંદિરના નિર્માણના સંકલ્પને સહર્ષ તાળીઓના નાદથી વધાવી લેવામાં આવ્યો હતો.

સૌ પ્રથમ આ ઉત્સવની શરુઆત શ્રીમહાવિષ્ણુયાગથી કરવામાં આવી હતી. મહાવિષ્ણુયાગનું આયોજન ત્રણ દિવસ માટે કરવામાં આવ્યું હતું. આ ત્રિદિવસીય વિષ્ણુયાગના યજમાન પચાસ જોડલાં બન્યાં હતાં. અને સંપૂર્ણ વિષ્ણુયાગનો



મહાપુણ્યશાળીઓએ લાભ લીધો હતો. તા. ૧૩-૧-૨૦૧૯ પોષ સુદ સાતમથી ત્રિદિવસીય વિષ્ણુયાગની શુભ શરુઆત સવારે સૌ પ્રથમ દરેક યજમાનને દેહશુદ્ધિ કરાવીને વિદ્વાન ભૂદેવોના સાંનિધ્યમાં વેદોક્ત મંત્રોચ્ચારથી કરવામાં આવી હતી. વિષ્ણુયાગની પૂર્ણાહુતિ તા. ૧૫-૧-૨૦૧૯ પોષ સુદ નોમ મકરસંક્રાંતિના શુભ દિવસે પૂ. મહંત સ્વામીના શુભ હસ્તે મુખ્ય યજ્ઞકુંડમાં શ્રીફળ હોમીને શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગગનભેદી જયઘોષથી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમગ્ર મંદિરનું પરિસર તથા મંદિરનો મુખ્ય માર્ગ રોશનીથી ઝળહળતો કરવામાં આવ્યો હતો. ગામના યુવાનો તથા નાઈરોબી લંગાટાના યુવાન-બાળકોએ રાત-દિવસ જોયા વગર આ સજાવટનું કામ કર્યું હતું. જેને સમગ્ર



સંતો તથા મહંત સ્વામી નિહાળીને ખૂબ રાજી થયા હતા અને અંતરના આશીર્વાદ આપ્યા હતા.

ઉત્સવની શરુઆત વિજય ધ્વજારોહણના સ્થાપનથી કરવામાં આવી હતી. વેદોક્ત મંત્રચ્ચારથી વિજય ધ્વજારોહણનું સ્થાપન કરવામાં આવ્યું હતું. સવારના ૯ કલાકે વિજય ધ્વજારોહણના પ્રસંગના યજમાન હતા પ.ભ. જાદવજીભાઈ ધનજીભાઈ કેરાઈ પરિવારે આનો લાભ લીધો હતો. બાદમાં પૂર્વ આફ્રિકા મંદિરના યુવાન હરિભક્તોનું પાઈપ બેન્ડનું આકર્ષણ સર્વ હરિભક્તોના મન જીતી લીધા હતાં. સમગ્ર મંદિરની ચારેબાજુ પરિસરમાં પાઈપ બેન્ડથી શોભાયાત્રા નીકળી હતી. જેમાં સર્વ સંત-હરિભક્ત બાઈ-ભાઈઓ સર્વ જોડાયા હતા અને પૂર્ણાહુતિ મંદિરના મુખ્ય પરિસરમાં કરવામાં આવી હતી.

તા. ૧૬-૧-૨૦૧૯, પોષ સુદ દશમ. જે દિવસની કેરુગોયા ગામ ઘણાં વર્ષોથી રાહ જોતો હતો એ દિવસને એ શુભ ઘડી આવી પહોંચી હતી, કારણ કે દરેક ભક્તોના હૃદયમાં ઉત્સાહ હતો કે શ્રી નરનારાયણદેવ સાક્ષાત્ બિરાજમાન થવાના છે. તા. ૧૬-૧-૧૯ના રોજ પોથીયાત્રા ઉત્સવના મુખ્ય યજમાન લાલજીભાઈ માવજીભાઈ પિંડોરીયા પરિવારના શુભ નિવાસ સ્થાનેથી નીકળી હતી. ધૂન મંડળી તથા સંગીતના સૂરોથી નીકળી હતી. બહેનોએ કીર્તન તથા ધૂનની રમઝટ બોલાવી હતી. પોથીયાત્રાની શુભ શરૂઆત કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી ભગવદ્જીવનદાસજી તથા પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ કરાવી હતી. પોથીયાત્રા મંદિરે પહોંચ્યા બાદ કથાની શુભ શરૂઆત થઈ હતી.

સમગ્ર મંદિરનું પરિસર હરિભક્તોના આગમનથી શિસ્તબદ્ધ ભરાઈ ગયું હતું. પૂજ્ય મહંત સ્વામીનું આગમન તો અગાઉથી થઈ ચૂક્યું હતું, સાથે બ્રહ્મનિષ્ઠ સંતો પણ પધાર્યા હતા, જાણે કેરુગોયામાં અક્ષરધામ ખડું થયું હોય તેવાં આજની સાવરના દશ્યો અભિભૂત થયાં હતાં.

તા. ૧૬-૧-૨૦૧૯થી પંચાહ્ન પારાયણનો પ્રારંભ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. પૂ. મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંતો સાથે બાંધકામ સમિતિ તથા ઉત્સવ સમિતિના સભ્યો દ્વારા યજ્ઞ પ્રારંભ કરવામાં આવ્યો. કથાના સવારના ભાગના વક્તા શા. સ્વામી બ્રહ્મમુનિદાસજી રહ્યા હતા. બપોરપછીના સત્રમાં વક્તાપદે શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી રહ્યા હતાં. છેલ્લે દિવસે પૂ. સ્વામી પરમહંસદાસજી રહ્યા હતા.

તા. ૧૬-૧-૧૯ના સાંજના ભાગમાં શ્રીનરનારાયણદેવ પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તા. ૧૭-૧-૧૯ ને ગુરુવારના રોજસાંજના શ્રીઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.



તા. ૧૮-૧-૧૯ના રોજ સવારે પ.પૂ. આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું બાય હેલિકોપ્ટરથી કેરુગોયામાં મંગલ આગમન થયું. પૂ. મહારાજશ્રી સવારે હરિભક્તોને દર્શન દેવા કથામાં પધાર્યા હતા.



આજે સાંજે પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. મહંત સ્વામી આદિ સંતો તથા યજમાનશ્રીઓ લક્ષ્મીગ્રુપ દ્વારા મંદિરનો મુખ્ય પ્રવેશદ્વારનું, લાલજીભાઈ શિયાણી, મોમ્બાસા દ્વારા શ્રી બ્રહ્માનંદ નિવાસ(ફ્લેટ)નું, કાન્તીભાઈ મેપાણી, ટોરોરો દ્વારા શ્રી વૈષ્ણવાનંદ નિવાસ(ફ્લેટ)નું, માસ્ટર પાવર નૈરોબી દ્વારા શ્રીનરનારાયણદેવ ભોજનાલય તથા મૂળ મંદિરને નૈરોબી ટીમ્બર દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અને મંદિરની બન્ને બાજુ વૃક્ષારોપણ કરાયું હતું.

તા. ૧૯-૧-૧૯, પોષ સુદ ૧૩નો દિવસ કેરુગોયા ગામ તથા સમસ્ત સત્સંગ માટે સદાય યાદગાર દિવસ બન્યો. સમગ્ર ગામ દેશ-વિદેશના હરિભક્તો, તપસ્વી સંતો, પૂજ્ય મહંત સ્વામી, પૂ. આચાર્ય મહારાજશ્રીની ઉપસ્થિતિ જાણે તેજોમય અક્ષરધામ ખડું થયું હોય એટલો આનંદને ઉત્સાહ હતો. કેટલાં પુણ્ય હોય ત્યારે આ દર્શન અને એમાં પણ વિદેશની ભૂમિમાં આ લાભ મળે ? પણ, આ લાભ આપણને સહેજે મળી ગયો. પૂર્વના પુણ્ય ઉદય થાય ત્યારે જ આવા લાભ મળે. એતો જાણે જેણે દર્શન કર્યા હશે એને જ ખબર હશે ! સવારે મંગળા આરતી થયા બાદ ભવ્ય મહાપૂજા રાખવામાં આવી હતી. મહાપૂજાના મુખ્ય યજમાન પ.ભ. મેઘજીભાઈ કાનજી હિરાણી તથા રાકેશભાઈ મેઘજી હિરાણી (કેરૂગોયા) હતા. મુખ્ય યજમાન તથા દાતાશ્રીઓએ આ મહાપૂજાનો અલભ્ય લાભ લીધો હતો.

બરાબર સવારે ૭:૦૦ કલાકે ઉપસ્થિતિમાં તથા પૂ. મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ગાયત્રીના વેદોક્ત મંત્રોચ્ચારના ધ્વનિથી પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ઉત્સવના મુખ્ય યજમાન તથા શ્રી નરનારાયણદેવ મૂર્તિના મુખ્ય યજમાન લાલજીભાઈ માવજી પિંડોરીયા સમસ્ત પરિવાર શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાનપદે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર વતી પ.ભ. મનજીભાઈ કારા, તથા શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિના યજમાનપદે હરજીભાઈ પ્રેમજી કેરાઈ તથા શિવ-પાર્વતીની મૂર્તિના યજમાન દેવજીભાઈ નારણ કારા તથા સૂર્યનારાયણદેવ તથા હનુમાનજીની મૂર્તિના યજમાન પુરુષોત્તમભાઈ માવજી પિંડોરીયા તથા વિનોદભાઈ કાનજી રાબડીયા પરિવાર તથા શ્રીગણેશજીની મૂર્તના યજમાનપદે ધીરુભાઈ પ્રેમજી પરિવાર રહ્યા હતા.

સાંજે ઉત્સવના મુખ્ય યજમાન લાલજીભાઈ માવજી પિંડોરીયા પરિવારનું પૂજ્ય આચાર્ય મહારાજશ્રી દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને અંતરના આશીર્વાદ આપ્યા હતાં. સાથે સાથે અન્ય દાતાશ્રીઓને પણ પહેરામણી મહારાજશ્રીના હસ્તે કરવામાં આવી હતી.

સાંજે ફુલડોલોત્સવ રાખવામાં આવ્યો હતો. જેમાં વહાલા શ્રી ઘનશ્યામ મહારાજને ફૂલના હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતાં. અને સમગ્ર ફૂલમાળા, હિંડોળા શણગારવાની સેવા પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળના યુવાન ભાઈ-બહેના તથા મંદિર પરિસરને દીવડાઓથી શણગાણરમાં નાઈરોબી તથા ગામના યુવાનો-યુવતીઓએ સેવા કરી હતી.

૧૫ ફૂટ વિશાળ ઊંચા હિંડોળામાં શ્રીઘનશ્યામ મહારાજને ઝુલાવવા અને જોવા એ પણ એક મોટો લ્હાવો

છે. પૂજ્ય મહંત સ્વામી તથા પૂજ્ય મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. સમગ્ર મંદિરના પરિસરમાં ફૂલોની તથા દીવડાઓની સજાવટ જોઈ હરિભક્તો ખૂબ જ આનંદિત થયા હતા. અને યુવાનોની મહેનતને મનથી બિરદાવી હતી. સાંજે રાત્રે મહારાસોત્સવનું આયોજન કર્યું હતું. તેમાં સમસ્ત સંતો, હરિભક્તો, બહેનો જોડાયા હતા. જાણે પંચાળાનો રાસોત્સવ હોય એમ ઉપસ્થિતિ લાગતી હતી.

આ ઉત્સવ અંતર્ગત કથા દરમ્યાન આવતા શ્રી નરનારાયણદેવ પ્રાગટ્યોત્સવ, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક તથા શોકોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી.

તા. ૨૦-૧-૧૯, પોષ સુદ ચૌદશની શુભ સવારે પૂ. મહારાજશ્રી તથા સંતો, હરિભક્ત ભાઈ-બહેનોની શોભાયાત્રા નીકળી હતી.

શોભાયાત્રાની શુભ શરૂઆત પ.ભ. મનજીભાઈ નારણ કારાના નિવાસ સ્થાનેથી નીકળી હતી. પૂજ્ય મહારાજશ્રીનો નિવાસ એમના જ નિવાસ સ્થાને રાખવામાં આવ્યો હતો.

નાઈરોબીથી દરરોજ કેરુગોયા મંદિર દ્વારા લક્ષરી બસોની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગામોગામથી ધૂન મંડળીઓ, એલ્ડોરેટ, નાઈરોબી લંગાટા, ક્રિયાંગારોડ નૈરોબી, મોમ્બાસા, કંપાલા વગેરે મંદિર તથા ગામથી પધારેલા યુવક-યુવતી મંડળ ધૂન, લેઝીમ બેન્ડ, પાઈપ બેન્ડ, શરણાઈના સૂરો સાથે શોભાયાત્રા નીકળી હતી. કેરુગોયાના રાજમાર્ગો ઉપર લગભગ ત્રણ કિલોમીટર તો હરિભક્તોનો માનવ મહેરામણ ઉમટ્યો હતો. સમગ્ર શોભાયાત્રામાં પૂજ્ય સંતો દ્વારા હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. શણગારેલા વાહનો - માઉન્ટ કેન્યા, મયૂક આકાર તથા ક્રૂશ વાહણ વગેરે વિવિધ સાંસ્કૃતિક ચિત્રોથી વિભૂષિત મોટરવાહનો શોભાયાત્રાનું આકર્ષણ હતું. મુખ્ય વાહનમાં પૂજ્ય મહારાજશ્રી સાથે મુખ્ય યજમાનો તથા બીજા હરિભક્તો સાથે કોઠારી પાર્ષદ જાદવજી ભગત, પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી પણ રહ્યા હતાં. અન્ય વાહનોમાં પૂજ્ય સંતો તથા મોટેરા હરિભક્તો બિરાજ્યા હતા.

બરાબર બપોરે બાર કલાકે શોભાયાત્રા મંદિરના પરિસરમાં પહોંચી આવી હતી. રંગ ગુલાબ, ફૂલની છાબોથી આકાશ રંગીન બન્યું હતું.

શોભાયાત્રા જેવી મંદિરમાં પ્રવેશી કે દરેક હરિભક્તોએ પોતાનું સ્થાન સભામાં ગ્રહણ કરીને સભાના સ્વરૂપમાં ગોઠવાઈ હતી. પૂજ્ય મહારાજશ્રીની ઉપસ્થિતિમાં સભાની શરુઆત થઈ હતી. પૂજ્ય સંતોના પ્રવચન, પૂ. મહારાજશ્રીનું આશીર્વાદ પ્રવચન તથા પૂ. મહંત સ્વામી પ્રસંગને અનુરૂપ પ્રવચનો કર્યાં હતાં.

અંતમાં, સમગ્ર મંદિરના પાયાથી માંડી શિખરસુધી જે સંતો જેમાં પૂ. સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી ભગવદ્જીવનદાસજી તથા નામી-અનામી સંતોએ મંદિર માટે જે સેવા માગી હરિભક્તો પાસે એનું વર્ણન ન કરી શકાય એટલો એમનો ત્યાગ અને શ્રમ છે.

પૂજ્ય મહંત સ્વામીએ મૂકેલા બે સંતો પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી આ બે સંતો જેમણે લગભગ એક વર્ષ સુધી કેરુગોયામાં રહી જાત દેખરેખ હેઠળ આ મંદિરનું નિર્માણ કરાવ્યું અને આજે



આ મંદિર ગગનચુંબી શોભી રહ્યું છે.

આ બે સંતોએ મૂકસેવકપણે આ મંદિરની સેવા કરી છે. ઘણી વખત રાત્રે ૧૨ વાગ્યા સુધી પણ મંદિરના નિર્માણનું વહીવટી લેખન, કામ કરતા જોયા છે. સ્વામી પરમહંસદાસજીએ એન્જિનીયરની જેમ મોટા મોટા એન્જિનીયર પણ એમની ટેકનીકલ સૂઝબૂઝથી નવાઈ પામી ગયા હતા. પણ આતો દેવના સંતો છે કે જેમનું અંગ જ સેવા છે. એ કેમ આપણે ભૂલીએ ?

કેરુગોયાની સમગ્ર બાંધકામ સમિતિના હરિભક્તો, યુવાનો, બહેનો, મુખ્ય ટ્રસ્ટીશ્રી પ.ભ. રામજીભાઈ વેકરીયા, મનજીભાઈ કારા, જાદવજીભાઈ કેરાઈ, વિનોદભાઈ રાબડીયા, મલ્હારભાઈ પિંડોરીયા, બાંધકામ સમિતિના સભ્યો પુરુષોત્તમભાઈ પિંડોરીયા, મેઘજીભાઈ હીરાણી સમગ્ર યુવાનો, વડીલો તેમજ સરકારી વહીવટ વિટંબણા પ.ભ. કલ્પેશભાઈ પિંડોરીયા પોતાની આગવી સૂઝબૂઝથી ઉકેલીને મંદિર નિર્માણનો માર્ગ મોકળો કરતા જતા હતા. સતત ઉત્સાહ, જરાય થાક નહિ, નહિ માન-અપમાન દરેક સહન કરીને કે આપણા શ્રીનરનારાયણદેવ કેમ આપણા ગામમાં વહેલા આવે એજ એમનું લક્ષ્ય હતું. જે આ યુવાનો સફળતાપૂર્વક કરી ગયા.

મંડળમાં દેશવિચરણ કરતા સંતો પુ. સ્વામી પુર્ણપ્રકાશદાસજી, સ્વામી વ્યાસમુનિદાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી સાથે સ્વામી દેવપ્રિયદાસજી અગાઉની તૈયારીઓમાં સહભાગી થયા હતાં.

અંતમાં, નાના-મોટા ભાઈઓ-બહેનો, બાળકો સમગ્ર સમાજના સહકાર વગર આ કાર્ય શક્ય નહોતું એવી રીતે આ સમગ્ર કાર્ય પાર પાડ્યું હતું.

સમગ્ર સભાનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ પોતાની આગવી સૂઝબૂઝથી કર્યું હતું.

- મિલનભાઈ, કેરુગોયા

★★★★★★★★★★★★★★★★★★★★★

## દારેસલામ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ષષ્ટી પૂર્તિ મહોત્સવ એવમ્ શ્રી ઘનશ્યામ દશાબ્દી મહોત્સવ ધામધૂમથી હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયો

ઈષ્ટ આફ્રિકા ખંડના ટાંઝાનિયા દેશના કેપિટલ દારેસલામ માં ૩ દિવસનો વિષ્ણુયાગ તથા ૫ દિવસનો મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. પરમ પૂજ્ય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને રૂડા આશીર્વાદથી ભુજ મંદિરના પવિત્ર ૩૨ પરમહંસોના સાંનિધ્યમાં અને દેશ-વિદેશથી પધારેલા ભક્તો સહભાગી થયા હતા.

તા. ૨૫ થી ૨૭ ડિસેમ્બર ૨૦૧૮ દરિમયાન ત્રિદિવસીય શ્રી મહાવિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૧ કુંડીય યાગમાં ઘણાં બધાં ભક્તો લાભ લઈ ધન્ય થયા હતા. તા. ૨૭ ના રોજ બપોરે ૧૨ કલાકે મહાવિષ્ણુયાગનું ભુજથી પધારેલ સંતો દ્વારા સમાપ્તિનું નાળિયેર હોમી સમાપન કરવામાં આવ્યું હતું.

તા. ૨૭ ના રોજ બપોર પછી ૫ વાગ્યે મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ. માવજીભાઈ કુંવરજીભાઈ પિંડોરીયા પરિવારના ઘરેથી ભૂદેવ તથા સંતો દ્વારા પોથીઓનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંતો દ્વારા પોથીઓ યજમાનો અને સહયજમાનો ને અપાઈ હતી. યજમાનો દ્વારા બહેનો યજમાનોએ મસ્તકે ધારી વાજતે ગાજતે મંડળી તથા લેઝીમ-બેન્ડના તાલે શ્રી ઠાકોરજી તથા સંતો મંદિરના પટાંગણમાં તૈયાર થયેલ






દાદાના દરબારની ઝાંખી યુક્ત સભામંડપમાં પધાર્યા હતાં. આફ્રિકા દેશમાં વિચરણ કરતા મોટેરા સંત પુરાણી સ્વામી સરજુદાસજીએ રૂડા આશીર્વાદ આપ્યા હતાં.

તા. ૨૮ ના રોજ સવારે ૭ કલાકે મહોત્સવના મુખ્ય અને સહયજમાનોએ ગણેશ સ્થાપન પૂજન કર્યું હતું. બરાબર ૮ કલાકે વ્યાસપૂજન દ્વારા વક્તા પૂજ્ય શાસ્ત્રી સ્વામી બ્રહ્મમુનિદાસજીએ શ્રીમદ્ સત્સંગીભૂષણની કથાનો પ્રારંભ કરાવ્યો હતો.

બપોર પછી ૬ કલાકે પ્રથમ દિવસના બીજા સત્રમાં સ્વામી સંતસ્વરૂપદાસજીએ સંગીતના સથવારે કથાનું રસપાન કરાવ્યું હતું. ૭-૩૦ કલાકે કથા દરમ્યાન શ્રીમદ્ સત્સંગીભૂષણ કથા અંતગર્ત શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જેમનું યજમાન પદ પ.ભ. પ્રેમજીભાઈ વાલજી વરસાણી પરિવારે સ્વીકાર્યું હતું. રાત્રે ૮-૩૦ કલાકે સંગીતકાર સંતો દ્વારા ભજનસંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તા. ૨૯ ના બીજા દિવસે સવારે સ્વામી સંતસ્વરૂપદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. જન્મબાદની કથાની શરૂઆત કરી વનવિચરણ ગયા પહેલાની કથા સંભળાવી હતી. પટ્ટાભિષેકનું યજમાન પ.ભ. કાન્તિભાઈ ખીમજી હિરાણી પરિવારે સ્વીકાર્યું હતું અને રાસોત્સવના યજમાન પદે પ.ભ. પ્રેમજીભાઈ પિંડોરીયા અને જેન્તીભાઈ પિંડોરીયા સહપરિવાર રહ્યા હતા. બપોર પછીના સત્રમાં વક્તા સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ વનિવચરણની કથાથી પટ્ટાભિષેક સુધી કથા સંભળાવી હતી. આજરોજ ભુજ મંદિરથી સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સાથે વડીલ સંતો સહિત ૫ સંતો પધાર્યા હતા. આ સાથે મહોત્સવમાં સંતોની સંખ્યા ૩૨ થઈ હતી. આજરોજ સાંજે ભવ્યરાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૯ ના બપોરે મહિલા/યુવતી બાલિકા મંચ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

તા. ૩૦ ના સવારે વક્તા સ્વામી સંતસ્વરૂપપદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. આજના દિવસે શ્રીહરિ ભુજનગર આગમન ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન પદે પ.ભ સુરેશભાઈ નારણ પિંડોરીયા સહપરિવાર રહ્યા હતા. બપોર પછી ૪ કલાકે ભવ્ય નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દારેસલામના બાળકો-બાલિકાઓની લેઝીમ-બેન્ડ, શ્રી ક.સ.સ્વામિનારાયણ મંદિર નૈરોબી લંગાટા ની લેઝીમ-બેન્ડ-મંડળી, શ્રી પૂ. આ. સ. સ્વામિનારાયણ મંદિર નૈરોબીની લેઝીમ-બેન્ડ-મંડળી અને શ્રી ક.સ.સ્વામિનારાયણ મંદિર મોમ્બાસા ની લેઝીમ-બેન્ડ-મંડળી ભવ્ય નગરયાત્રામાં જોડાયાં હતા. બે વાહન : કમળ આકારે અને મયૂર આકારે બનાવી શ્રી ઠાકોરજી તથા સંતો તેમજ યજમાનો ઉપર બેઠા હતા. સ્થાનિક ભક્તોને દર્શન આપતા અનેક ભક્તો નૈરોબી, મોમ્બાસા, ભારતના ભક્તો પણ જોડાયા હતા. શોભાયાત્રામાં દારેસલામના બહેનો સામૈયા મસ્તકે ધારી જોડાયા હતા. યુવાન ભક્તો






શ્રી ઠાકોરજીને પાલખીમાં પધરાવી ધોતી-શાલના પહેરવેશમાં મહામાર્ગ ઉપર ભાવથી ઝુલાવ્યા હતા.

પ્રસંગમાં પધારતા દેશાંતરના ભક્તો માટે ઉતારાની વ્યવસ્થા હરિભક્તો માટે પોતાના ફલેટ, મકાન સેવામાં આપેલ હતાં. સ્થાનિક લોકો માટે વાહન પાર્કિંગ માટે જમીન આપેલી હતી. ઉત્સવ દરિમયાન કોઈ પણ અનહોની થાય એને માટે ફાયરબગ્રેડ વાહન તથા મેડિકલ સાથે એમ્બ્યુલેન્સ તૈયાર રાખવામાં આવી હતી. સંતોને લેવા લઈ જવા માટે હરિભક્તો પોતાના વાહનો સેવામાં આપેલ હતા.

ઉત્સવની અગાઉથી તૈયારી માટે કોઠારી પાર્ષદ ખીમજી ભગત, સ્વામી બ્રહ્મમુનિદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ પધારી આયોજનને સફળ બનાવવામાં પોતાની સમગ્ર કળા વાપરી ઉત્સવ શોભાવ્યો હતો.

ઉત્સવનું જીવંત પ્રસારણ ભુજ મંદિરની વેબસાઈટ ઉપરથી કરવામાં આવ્યું હતું, જેમાં નૈરોબીના યુવાનોની સેવા રહી હતી. આ ઉત્સવમાં નાની મોટી આર્થિક સેવા કરનારને પ્રશંસારૂપ પહેરામણી કરવામાં આવી હતી. દેશ-વિદેશથી પધારેલા ભક્તોને મહેમાનના બિલ્લા અર્પણ કરી આવકારવામાં આવ્યા હતા. રસોડાની સેવામાં શ્રી પૂ.આ.સ.સ્વામિનારાયણ મંદિર નૈરોબીથી આવી ખૂબ જ સેવા આપી હતી અને અમારા ઉત્સવને ચાર ચાંદ લગાવ્યા હતા.

ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીએ અમારા ઉત્સવમાં ૨ સંતો અને ૧ પાર્ષદ એક મહિનો અગાઉથી મોકલી ઉત્સવનું માર્ગદર્શન કર્યું હતું અને મહંત સ્વામીએ ઉત્સવમાં પધારી સૌ ભક્તોને દર્શન અને આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ અમારા સૌ ભક્તોની ઈચ્છા મુજબ ભુજ મંદિરથી ૩૨ સંતો મોકલી અમારા પ્રસંગને દિપાવ્યો હતો.

તા. ૩૧ ના બપોર પછી વક્તા સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ કથા દરમ્યાન શાકોત્સવની કથા આબેહૂબ સમજાવી શાકોત્સવ ઉજવાયો હતો.

તા. ૦૧-૦૧-૨૦૧૯ સવારે ૫-૩૦ કલાકે મંગળા આરતી, થાળ બાદ ૬ કલાકે અભિષેક પૂર્વે થતું ગણેશ સ્થાપન, ૬-૪૫ કલાકે પંચામૃતથી મહાઅભિષેક પૂજ્ય મહંત સ્વામી આદિ બધા જ સંતો વારાફરતી શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૦મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે અભિષેક કરવાનો લાભ લીધો હતો.

અભિષેક બાદ વિવિધ વાનગીઓના થાળ શ્રી ઘનશ્યામ મહારાજ આગળ ધરાવવામાં આવ્યા હતા અને ૬૦મા તથા ૧૦મા પાટોત્સવની આરતી કરવામાં આવી હતી.

ત્યારબાદ પંચામૃતનો પ્રસાદ વિતરણ બાદ ૮-૩૦ કલાકે કથાનો પ્રારંભ સ્વામી બ્રહ્મમુનિદાસજીએ કરાવ્યો હતો.

ઉત્સવ દરમ્યાન આવતા પ્રસંગોને આબેહૂબ તાદશ કરવા સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ ખૂબ જ તનતોડ મહેનત કરી શોભારૂપ થયા હતા. ૫ દિવસના પ્રસંગ તેનું સુચારૂ સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

અમારા ગામમાં સૌ ભક્તો નૈરોબી બન્ને મંદિર, મોમ્બાસા તેમજ સમગ્ર દેશ-વિદેશના ભક્તો આવ્યા તેમનો મંદિરના પ્રમુખ પ.ભ. રવજીભાઈ વરસાણીએ આભાર કર્યો હતો. અમારા ગામમાં સંપ છે એટલે જ કે અમે બધા ભુજ શ્રી નરનારાયણદેવના છીએ. બસ આવો જ દારેસલામના હરિભક્તારમાં સંપ વધતો રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના સાથે સમગ્ર

ભક્તસમુદાયને જય શ્રી સ્વામિનારાયણ પાઠવી સૌ છૂટા પડ્યા હતા.

- પ્રમુખશ્રી રવજીભાઈ વરસાણી

★★★★★★★★★★★★★★★★★★★★★

## આફ્રિકા સત્સંગ વિચરણ ૨૦૧૮

આજ થી ૧૦૦ વર્ષ પૂર્વ કચ્છ દેશના હરિભક્તો પૂ. સ્વામી નીલકંઠદાસજી,પૂ. સ્વામી શ્રીવલ્લભદાસજી આદિ સંતોની આજ્ઞાથી આફ્રિકાની ધરતી પર ધંધાર્થે ગયા. ધીમે ધીમે પગભર થયા. ભુજ મંદિરેથી સંતો કાગળ દ્વારા પોષણ કરતા રહ્યા. સમય જતા સંતોની આજ્ઞાથી મંદિરો થયા. હરિભક્તોની માંગણીને માન આપી ભુજ મંદિરના વડીલ સંતો વિદેશની ધરતી પર ગયા. ત્યાં જોયુ વિચાર્યુ કે સંત વિના સત્સંગનું પોષણ કેમ થાય. એ ભાવનાને ધ્યાનમાં રાખી દરવર્ષે સંતોનું મંડળ આફ્રિકા, યુ.કે. ઓસ્ટ્રેલીયા વિદેશમાં જ્યાં કચ્છના હરિભક્તો હોય ત્યાં જવું એવો નિર્ણય લેવાયો. તે પરંપરા અનુસાર દરવર્ષે સંતોનું મંડળ સત્સંગ માટે આફ્રિકા ખંડમાં જાય છે.

આ વર્ષે સ.ગુ. ભગવદ્જીવનદાસજીનું સંત મંડળ આફ્રિકા ગયેલું તેમાં મુખ્ય વડીલમાં સ્વામી સારયૂદાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામીવેદાંતસ્વરૂદાસજી, ગાયક સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી હૃદયપ્રકાશદાસજી, સ્વામી વિવેકસાગરદાસજી આ છ સંતો ગયેલા. તા. ૨૪-૭-૨૦૧૮ નિકળીને નૈરોબી પહોચ્યા. શ્રીક.સ.સ્વા.મંદિર લંગાટા આયોજીત મેડીકલ કેમ્પોમાં પધારામણી કરી. ત્યારબાદ લંગાટા શ્રીક.સ.સ્વા. મંદિરમાં સમૂહ ભાગવતની કથા કરી. તેમજ શ્રીક.સ.સ્વા.મંદિર મોમ્બાસામાં ભાગવતની કથા કરી ત્યારબાદ પૂર્વ આફ્રિકા સ.સ્વા.મંદિરમાં ભાગવતની કથા તથા સત્સંગીજીવનની કથા થઈ. આમ સાત-સાત દિવસની શ્રાવણમાસની કથાઓ કરી. ત્યાંથી શીશલ્સ ગયા. ત્રણેક હજારની સંખ્યામાં આપણા યુવાન ભક્તો ઉધમ કરે છે. ત્યાં અલગ અલગ ટાપુઓમાં રહેતા ભક્તો સુધી પહોચી સભા,રાસ, ભજનસંગીત વગેરેથી ભક્તોને આનંદીત કરી, પુનઃ કેન્યા આવી કેરુગોયા, મેરુ થિકા વિગેરે ગામોમાં ફરી નૈરોબી લંગાટા મંદિરમાં આવ્યા. ત્યાં યુવક મંડળ દ્વારા યુવનો-યુવતી અને બાળકોમાં સત્સંગનો ઉત્સહ વધે એમાટે સત્સંગ પ્રવાસનું આયોજન કરાયું. બાદ લંગાટા શ્રીક.સ.સ્વા.મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીહરિસ્મૃતિની સપ્તાહ પારાયણ થઈ, આભિષેક, રાજોપચારથી શ્રી ઘનશ્યામમહારાજની પૂજા કરી ધામધૂમથી પાટોત્સવ ઉજવ્યો. ત્યારપછી પૂર્વ આફ્રિકા, લંગાટા અને ટાઉન મંદિરમાં રહી દીવાળી ઉત્સવ કર્યો. ત્યાંથી નકૂરુ મંદિરના પાટોત્સવની સપ્તાહ પારાયણ કરી. ત્યાંથી કેરીચો, વબુયે, કિટાલે વગેરે ગામોમાં વિચરણ કરી એલ્ડોરેટ પહોચ્યા. ત્યાં મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સપ્તાહ પારાયણ કરી. શાકોત્સવ, સત્સંગ પ્રવાશના આયોજન કર્યા. કુસુમુ પહોચ્યાં સપ્તાહપારાયણ અને શાકોત્સવ કરી. ત્યાંથી ગયા યુગાન્ડા, ત્યાં ટરોરો, ઝીંઝા, હોઈમા અને મસીંડી ફરી કમ્પાલા આવ્યા. ત્યાં શ્રીક.સ.સ્વા.મંદિરના વાર્ષિક પાટોત્સવની કથા, શાકોત્સવ, યુવાસભા કરી. પુનઃ નૈરોબી આવ્યા. પૂર્વ આફ્રિકા શ્રીક.સ.સ્વા.મંદિર નો વાર્ષક પાટોત્સવ ધામધૂમથી કર્યો અને ત્યાંથી ટાન્ઝાનીયા દરેશલામ પહોચ્યાં. દરેશલામ મંદિરના ૬૦માં પાટોત્સવ પ્રસંગે પંચાહ્ન પારાયણ વગેરે વિવિધ કાર્યક્રમો થયા ઉત્સવ અતિ ધામધૂમથી ઉજવ્યો. ત્યાંથી નૈરોબી થઈ તા. ૫-૧-૨૦૧૯ના ભુજ. આ સાડાપંચમહિનાના સત્સંગ પ્રવાસ દમ્યાન અગીયાર પારાયણો, સભાઓ શિબિરો અને ઘર, ઓફિસો, દુકાન, ફેકટરીઓ,કવારી, વગેરે સ્થળો મળીને પંદરસો જેટલી પધરામણીઓ કરી. અને આ વર્ષથી (૨૦૧૯) આફ્રિકા ખંડમાં બે વખત સંતોના મંડળ સત્સંગ માટે જાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી વધુ સંતસમાગમનો યોગ હરિભક્તોને મળતો રહે.

- સ્વામી સંતસ્વરુપદાસ

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૦૦૦/- શીવજી હરજી લઘા હીરાણી ફોટડી, ધનુર્માસ નિમિત્તે શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૫૦૦/- દેવજીભાઈ કાનજીભાઈ વોરા, માધાપર, માધાપર મંદિરમાં કથા પારાયણ પ્રસંગે ભેટ
૫૦૦/- અ.નિ. વાસણભાઈ વેરા માતા ધ.પ. જશીબેન વાસણભાઈ માતા હ. સભીબેન દેવજી છાંગા, હીરાપર શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે ભેટ
૫૦૦/- ચંદ્રેશ ભરત વેકરીયા હ. વાલબાઈ વાલજી વેકરીયા, બળદીયા લગ્ન નિમિત્તે ભેટ
૫૦૦/- દિપક જયંતીલાલ સુથાર, રાપર, ફોટ વ્હીલર ગાડી ખરીદી તે નિમિત્તે ભેટ
૨૫૦/- પૂંજાભાઈ ભુલાભાઈ પટેલ ખંભાત, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૫૦/- કૈલાશબેન પૂંજાભાઈ પટેલ, ખંભાત શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ. રતનબાઈ, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ સહપરિવાર, બળદીયા શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૧૫૧/- લક્ષ્મી કાનજીભાઈ વેકરીયા, નારણપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- રામજી લાલજી વરસાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- શિલ્પા પ્રેમજીભાઈ હાલાઈ, મેઘપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- પ્રેમજી હીરજી કેરાઈ, બળદીયા કાન્તીલાલ પ્રેમજી કેરાઈ પુત્ર જન્મ નિમિત્તે ભેટ


## નાના અંગીયા
### નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

:: પ્રારંભ ::
મહા સુદ ૬, તા. ૧૧-૨-૨૦૧૯ સોમવાર

:: આચાર્ય મહારાજશ્રીનું આગમન ::
તા. ૧૩-૨-૨૦૧૯, બુધવાર, સાંજે

:: મૂર્તિપ્રતિષ્ઠા ::
મહા સુદ ૯, તા. ૧૪-૨-૨૦૧૯, ગુરુવાર

:: શોભાયાત્રા ::
તા. ૧૪-૨-૨૦૧૯, ગુરુવાર, બપોરના ૩:૦૦ વાગે

**પૂર્ણાહુતિ :** મહા સુદ ૧૦, તા. ૧૫-૨-૨૦૧૯, શુક્રવાર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥




## ભુજ નિત્યદર્શનમ્ દ્વારા
### હવેથી માણો ઘર બેઠા દર્શનનો લાભ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સેપ દ્વારા આપનું પુરૂ નામ તથા સરનામું લખીને

**+91 73592 50231**

**ઉપર અરજી મોકલો**



આ નંબર પર અન્ય કોઈ મેસેજ મોકલવા નહીં.

# શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત ષષ્ઠીપૂર્તિ મહોત્સવ તથા શ્રી ઘનશ્યમ દશાબ્દી મહોત્સવ - દારેસલામ - ટાંઝાનિયા



RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Postal Regd. No. GKCH-158/2018-202
OSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2019/UPTO 31-12-201

## ી સ્વામિનારાયણ મંદિર માંડવી મધ્યે આયોજીત પિંડોરીયા પરિવાર દ્વારા પંચાહ્ન પારાય



## ગૌ લાભાર્થે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ - કોડાય (ગુરૂકુલ-માંડવી)

